સુવિચાર

ખરો વિદ્યાભ્યાસ એ જ છે કે જેના વડે આપણે આત્માને, પોતાની જાતને, ઈશ્વરને અને સત્યને ઓળખીએ...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year-16, Issue-182 ■ DATE : 15-11-2025 SATURDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI




કાકી સાથે ભત્રીજાના આડાસંબંધનો કરૂણ અંજામ: પત્નીને ગોળી મારી પતિએ કર્યો આપઘાત P-4

## શ્રીનગરના નૌગામ પોલીસ સ્ટેશનમાં વિસ્ફોટ: ૧૨ના મોત

### ફરીદાબાદથી જપ્ત એમોનિયમ નાઈટ્રેટનો ધડાકો: ૨૦ને ઈજા: વિસ્ફોટ બાદ આગ

**મુખ્ય સમાચાર, શ્રીનગર**

જમ્મુ અને કાશ્મીરના નૌગામથી મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. પોલીસ સ્ટેશન પરિસર પાસે એક મોટો વિસ્ફોટ થયો છે. મોડી રાત્રે થયેલા આ વિસ્ફોટમાં અત્યાર સુધીમા ૧૨ લોકોના મોત થયાના અહેવાલ છે, જ્યારે ઘણા લોકો ઘાયલ થયા છે. નોંધપાત્ર વાત એ છે કે, દિલ્હી વિસ્ફોટ સાથે જોડાયેલા શંકાસ્પદોની પોલીસ સ્ટેશનમાં પૂછપરછ કરવામાં આવી રહી છે. વિસ્ફોટ બાદ સુરક્ષા કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તપાસ માટે સ્નિફર ડોગ્સ તૈનાત કરવામાં આવ્યા છે. શ્રીનગરના ડેપ્યુટી કમિશનર અક્ષય લાબરૂએ વિસ્ફોટમાં ઘાયલ થયેલા લોકોને મળવા માટે હોસ્પિટલની મુલાકાત લીધી હતી. મૃત્યુઆંક વધી શકે છે, કારણ કે ૨૩ થી વધુ લોકો ઘાયલ



થયા છે. પોલીસ સ્ટેશનની ઈમારતનો મોટો ભાગ ધરાશાયી થયો, અનેક વાહનોમાં આગ લાગી અને ૩૦૦ ફૂટ દૂર સુધી માનવ અવશેષો વિખરાયેલા મળી આવ્યા.

શ્રીનગરના નૌગામ પોલીસ સ્ટેશનમાં ગઈકાલે મોડી રાત્રે વિસ્ફોટ થયો હતો. વિસ્ફોટમાં ઘણા પોલીસકર્મીઓ પણ માર્યા ગયા હતા. જોકે મૃત્યુઆંક હજુ સુધી સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યો નથી, એવું માનવામાં આવે છે કે મોટાભાગના પીડિતો પોલીસકર્મી અને ફોરેન્સિક ટીમના અધિકારીઓ હતા.

આ વિસ્ફોટ ત્યારે થયો જ્યારે પોલીસ વ્હાઈટ-કોલર આતંકવાદી મોડ્યુલ કેસના સંદર્ભમાં તાજેતરમાં જપ્ત કરાયેલા વિસ્ફોટકોના મોટા જથ્થામાંથી નમૂના લઈ રહી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ સામગ્રી હરિયાણાના ફરીદાબાદથી લાવવામાં આવી હતી અને ધરપકડ કરાયેલા ડોક્ટર મુઝમ્મિલ ગનાઈના ભાડાના ઘરમાંથી મળી આવેલા ૩૬૦ કિલોગ્રામ વિસ્ફોટક રસાયણોનો ભાગ હતી.

વિસ્ફોટ સ્થળેથી છ મૃતદેહો મળી આવ્યા છે, અને મૃતકોની ઓળખ કરવાના પ્રયાસો ચાલી રહ્યા છે. મૃતદેહોને શ્રીનગરના પોલીસ કંટ્રોલ રૂમમાં સ્થાનાંતરિત કરવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે ઓછામાં ઓછા ૨૪ પોલીસકર્મીઓ અને ત્રણ નાગરિકોને શહેરની વિવિધ હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘાયલોમાંથી પાંચની હાલત ગંભીર છે, અને અધિકારીઓએ ચેતવણી આપી છે કે મૃત્યુઆંક વધી શકે છે.

## ડેડિયાપાડામાં વડાપ્રધાન મોદીનો ભવ્ય રોડ-શો

### ૯૭૦૦ કરોડથી વધુના વિકાસ પ્રોજેકટસનું લોકાર્પણ: આદિવાસીઓના કુળદેવી દેવમોગરા માતાના દર્શન કર્યા

**મુખ્ય સમાચાર, સુરત**

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાતના એક દિવસીય પ્રવાસે પહોંચી ગયા છે. સુરત એરપોર્ટથી હેલીકોપ્ટરમાં અંત્રોલી પહોંચ્યા હતા. અહીં તેમને બુલેટ ટ્રેન માટેના અંત્રોલી ખાતેના સ્ટેશનની મુલાકાત લઈને કામગીરીની સમીક્ષા કર્યા બાદ ડેડીયાપાડા જવા રવાના થયા. જ્યાં તેઓ બિરસા મુંડાની જન્મજયંતિની ઉજવણીમાં જોડાશે. આ પ્રસંગે તેઓ ૯,૭૦૦ કરોડથી વધુની વિવિધ માળખાગત સુવિધાઓ અને વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે તેમજ સભાને સંબોધન પણ કરશે. હાલ બેવડા હવામાનના કારણે સુરત તંત્ર દ્વારા પીએમ મોદી માટે



હેલિકોપ્ટરથી જવાની તેમજ બાય રોડ જવાની બંને પ્રકારના આયોજન કરવામાં આવ્યા છે. આજે ડેડિયાપાડા ખાતે વડાપ્રધાન મોદીનો ભવ્યો રોડ-શો યોજાયો હતો.

વડાપ્રધાનના ગુજરાત પ્રવાસમાં ફેરફાર કરાયો છે. દિલ્હી જતા પહેલા સુરતમાં વસતા બિહારના લોકોનું અભિવાદન ઝીલશે. સાંજે ૪ વાગ્યે સુરત એરપોર્ટ બહાર ૧૦થી ૧૫ હજાર લોકો નું સ્વાગત કરશે.

પ્રધાનમંત્રી સવારે ૧૦ વાગ્યે સુરત બુલેટ ટ્રેન સ્ટેશનની મુલાકાત લઈને ત્યારબાદ બપોરે લગભગ ૧૨૪૫ વાગ્યે તેઓ નર્મદા જિલ્લામાં દેવમોગરા મંદિરમાં પ્રાર્થના કરશે અને દર્શન કરશે. ત્યારબાદ બપોરે લગભગ ૨૪૫ વાગ્યે તેઓ નર્મદા જિલ્લામાં ડેડિયાપાડાની મુલાકાત લેશે અને ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતી ઉજવણીમાં ભાગ લેશે. આ પ્રસંગે તેઓ ૯,૭૦૦ કરોડથી વધુની વિવિધ માળખાગત સુવિધાઓ અને વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે તેમજ સભાને સંબોધન પણ કરશે.

## વાહન ચાલકો માટે રાહતના સમાચાર: ફાસ્ટટેગ નહીં હોય તો હવે ટોલ પ્લાઝા પર ડબલ ફી ચુકવવી નહીં પડે

**મુખ્ય સમાચાર, જોધપુર**

જો ફાસ્ટટેગ ન હોય તો ટોલ પ્લાઝા પર ડબલ ટોલ ફી ચૂકવવાની જવાબદારીમાંથી ડ્રાઈવરોને હવે આંશિક રાહત મળી છે. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ દેશભરમાં એક નવી સુવિધા શરૂ કરી છે, જેનાથી ડ્રાઈવરો ફાસ્ટટેગ ન હોય તો પણ બમણા ટોલ ફીના બદલે ફક્ત ૧.૨૫ ગણા ટોલ ફી ચૂકવી શકશે. આ નવી સિસ્ટમ આજથી, ૧૫ નવેમ્બરથી અમલમાં આવી છે. આ ફેરફાર લાખો ડ્રાઈવરો માટે નોંધપાત્ર રાહત છે જેઓ ઘણીવાર તેમના ફાસ્ટટેગ રિચાર્જ ન થવાની અથવા કામ ન કરવાની સમસ્યાનો સામનો કરે છે.

NHAI ના પ્રોજેક્ટ ડિરેક્ટર હરમિન્દર સિંહ રોટવાલે જણાવ્યું હતું કે રોડ ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રાલયે આ અંગે એક સૂચના જારી કરી છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે આ રાહત ફક્ત ડિજિટલ ચુકવણી કરનારાઓને જ મળશે; રોકડ ચુકવણી લાગુ રહેશે, એટલે કે તેમને બમણી ફી ચૂકવવી પડી શકે છે. આ નિયમનો હેતુ ડિજિટલ વ્યવહારોને પ્રોત્સાહન આપવા અને ટોલ પ્લાઝા પર ભીડ ઘટાડવાનો છે.

ટોલ વસૂલાતને સંપૂર્ણપણે ડિજિટલ અને પારદર્શક બનાવવા માટે, એ હવે ટોલ પ્લાઝા પર કોડ ચુકવણી સુવિધાઓ શરૂ કરી છે. ડ્રાઈવરો હવે પ્લાઝા પર સ્થાપિત કોડ સ્કેન કરી શકે છે અને અથવા મોબાઈલ વોલેટનો ઉપયોગ કરીને તેમના મોબાઈલ ફોનથી સીધા ચુકવણી કરી શકે છે. આનાથી ટોલ પ્લાઝા પર ભીડ ઓછી થશે જ નહીં પરંતુ રોકડ વ્યવહારોમાં ભૂલો અને સમયનો બગાડ પણ ઓછો થશે. આ સુવિધા ખાસ કરીને ટોલ લેન માટે ઉપયોગી થશે જે હજુ પણ હાઈબ્રિડ મોડમાં કાર્યરત છે.

જોધપુર શહેરના ચાર મુખ્ય ટોલ પ્લાઝામાંથી દરરોજ હજારો વાહનો પસાર થાય છે. આમાંના મોટા ભાગના વાહનો પાસે ફાસ્ટટેગ નથી અને તેઓ રોકડમાં અથવા ઓનલાઈન ચૂકવણી કરે છે. નવી સિસ્ટમ સાથે, ફાસ્ટટેગ વિના ડિજિટલ ચુકવણી કરનારા ડ્રાઈવરો પર હવે બમણી ટોલ ફીનો બોજ નહીં આવે. રોટવાલના મતે, આ સિસ્ટમ ડિજિટલ ઈન્ડિયા અને સ્માર્ટ હાઈવે તરફ એક મોટું પગલું છે. તે ટોલ પ્લાઝા પર સમય બચાવશે અને ટ્રાફિકની ગતિ વધારશે, જેનાથી ઈંધણની બચત થશે.

## બિહારની ચૂંટણીમાં થયેલા લાભ બાદ એનડીએનો દબદબો વધ્યો

### બિહારમાં પ્રચંડ વિજય બાદ ભાજપનો હવેનો એજન્ડા ચાર રાજયોની ચૂંટણીઓ પર

**મુખ્ય સમાચાર, પટણા**

પટણા: બિહારમાં એનડીએની ડબલ સેન્ચુરી સામે પ્રચંડ વિજય બાદ હવે આગામી વર્ષે યોજાનારી પ.બંગાળ, તામિલનાડુ, કેરળ અને આસામની ધારાસભા ચૂંટણી માટેની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે જ વિજય-સભામાં ગંગા-બિહારમાંથી પ.બંગાળ જાય છે તેવા વિધાનો કરીને ચેતવણીનું ફાયરીંગ કરી દીધુ છે.

તો તાત્કાલીક પ્રત્યાઘાતમાં વિપક્ષોનું '' નું હથિયાર પણ છીનવાઈ ગયું છે અથવા બુઠ્ઠુ થઈ ગયુ છે તેની તા.૧થી શરૂ થનારા સંસદના



શિયાળુ સત્રમાં સરકાર તેના મહત્વના ૨૦૨૯ સુધીમાં લાગુ કરાય તેવા એજન્ડા પણ લાગુ કરવા માટે આગળ વધશે.

બિહારના પરિણામોની અસર વ્યાપક હશે તે નિશ્ચિત છે અને ભાજપ તેનો પુરેપુરો રાજકીય લાભ મળે તે માટે પણ આગળ વધશે. સૂત્રોના જણાવ્યા મુજબ બિહારમાં નવી સરકારની રચનામાં હાલ ભાજપ નીતીશકુમારને ડિસ્ટર્બ નહી કરે.

ખાસ કરીને ચાર રાજયોની ધારાસભા ચુંટણીઓ આવી રહી હોવાથી પક્ષ કોઈ નવા રાજકીય મુદાઓ ઉઠવા દેવા માંગતો નથી પણ પ્રથમ ભાજપ તેના સંગઠનની નવરચના જે રાષ્ટ્રીય સ્તરે લાંબા સમયથી પેન્ડીંગ છે તે લાગુ કરશે.

જેમાં નવા રાષ્ટ્રીય પ્રમુખ અને તેની ટીમ જે ચાર રાજયોની ચૂંટણી હેન્ડલ કરી શકે તે નિશ્ચિત કરશે તો મોદી સરકાર હવે મીડ ટર્મ મંત્રીમંડળ વિસ્તરણ માટે પણ આગળ વધી શકે છે.

આમ દિલ્હીમાં તેની પકડ મજબૂત બનાવશે. ખાસ કરીને ભાજપની નજર હવે રાજયસભાની ખાલી થનારી બેઠકો પર હશે. હાલ રાજયની ૧૬માંથી ૧૦ બેઠકો એનડીએ પાસે છે જેમાં હવે મોટાભાઈ તરીકે ભાજપ વધુ ભાગ માંગી શકે છે. ગઈકાલની ગણતરી બાદના આખરી પરિણામો ભાજપ-જનતાદળ (યુ) વાળો હવે ફકત ચાર જ બેઠકનો ફર્ક છે. ભાજપ ૮૯ અને જનતાદળ (યુ)એ ૮૫ બેઠકો જીતી છે.

તો ચિરાગ પાસવાનના લોકજનતાંત્રીક પાર્ટીને ૧૯ અને હમ સહિતના પક્ષોને ૯ બેઠકો મળી છે તો વિપક્ષમાં રાજ દવે તેના અત્યાર સુધીના સૌથી ખરાબ પરિણામમાં ૨૫ બેઠકો મેળવી છે જયારે તેના નેતા તેજસ્વી યાદવ તેમની રાઘોપુર બેઠક બચાવવામાં સફળ રહ્યા છે. કોંગ્રેસ જે એક તબકકે ૧ બેઠક જીતી શકશે. તેનો સંકેત હતો. તેણે ૬ બેઠકો મેળવીને આશ્વાસન મેળવ્યું છે.

હવે કોંગ્રેસમાં રાહુલ ગાંધીના નેતૃત્વ અને ચુંટણી મુદાઓ નિશ્ચિત કરી તે જનતા સુધી પહોંચે તે જોવાની તેમની ક્ષમતા સામે સવાલ ઉભા કર્યા છે અને વડાપ્રધાન શ્રી મોદીએ કોંગી ખુદ તો ડુબે છે સાથીઓને પણ ડુબાડે છે તેવુ કહી આગામી સમયમાં જયાં સુધી યોજાવાની છે ત્યાં કોંગ્રેસને ફીકસમાં મુકી દીધી છે. હરિયાણા, મહારાષ્ટ્ર બાદ કોંગ્રેસનો ત્રીજા રાજયમાં પરાજયએ તેના ૨૦૨૪ના લોકસભા ચૂંટણીમાં જ એડવેન્ટેજ હતો તે ખોઈ નાખ્યો છે.

## ગ્રેનેડ અને હથીયારોની હેરાફેરીના ગુન્હાનો આરોપી હાલોલથી ઝડપાયો

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

પંજાબ રાજયમાં આતંકવાદી નેટવર્ક સાથે સંકળાયેલા અને ગ્રેનેડ તથા હથિયારોની હેરાફેરીના ગુનામાં વોન્ટેડ આરોપીની ગુજરાત દ્વારા હાલોલ ખાતેથી ધરપકડ કરવામાં આવી છે.

પંજાબના ગુરદાસપુર જિલ્લાના સિટી બટાલા પોલીસ સ્ટેશનમાં તા. ૯-૧૧-૨૦૨૫ના રોજ ગ્રેનેડની હેરાફેરી અને વિસ્ફોટ કરવાના પ્રયાસ બદલ ગુનો નોંધાયો હતો. આ કેસમાં સીમાપાર કાર્યરત આતંકવાદી નેટવર્કની મદદ કરવાનો પણ આરોપ છે.

આ ગુનાના મુખ્ય આરોપીઓ મનુ અગવાન અને મનિન્દર બિલા, જેઓ હાલ મલેશિયામાં સ્થિત છે, તેઓ પાકિસ્તાનની ના હેન્ડલરો સાથે મળીને ભારતમાં આ કાવતરું ઘડી રહ્યા હતા. આ આરોપીઓએ પંજાબમાં ઓપરેટિવ્સ તૈયાર કરીને



ગ્રેનેડ અને પિસ્ટલ મેળવ્યા હતા.

તેમનો ઈરાદો પંજાબ અને અન્ય રાજ્યોમાં દહેશત ફેલાવવા માટે ગીચ વસ્તી ધરાવતા વિસ્તારોમાં ગ્રેનેડ હુમલા અને ફાયરિંગ કરવાનું કાવતં ઘડ્યું હતું. આ કાવતરાના ભાગરૂપે બે ગ્રેનેડ અને બે પિસ્ટલની પિકઅપ અને ડિલિવરી અંગે માહિતીની આપ-લે પણ કરવામાં આવી હતી.

આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે આરોપીઓ પંથબિરસિંઘ અને જસકિરતસિંઘની ધરપકડ પંજાબ પોલીસે કરી હતી. તેમની પૂછપરછ દરમિયાન વોન્ટેડ આરોપી ગુરપ્રિતસિંઘ ઉર્ફે ગોપી બિલા (રહે. બટાલા) નું નામ ખુલ્યું હતું. પંજાબ પોલીસે આ વોન્ટેડ આરોપી ગુરપ્રિતસિંઘ ઉર્ફે ગોપી બિલાની માહિતી ગુજરાત એ.ટી.એસ. સાથે શેર કરી હતી.

જેમાં જાણવા મળ્યું કે ,આરોપી ગુરપ્રિતસિંઘ ઉર્ફે ગોપી બિલા ગુજરાતના હાલોલ ખાતે આવેલી એક કંપનીમાં ઔધોગિક મજૂર તરીકે કામ કરી રહ્યો છે. ગુજરાત અઝજની ટીમ તાત્કાલિક હાલોલ જવા રવાના થઈ હતી.

હાલોલની એક હોટલમાં શંકાસ્પદ વ્યક્તિની તપાસ કરતા તેણે પોતાનું નામ ગુરપ્રિતસિંઘ જણાવ્યું હતું. વધુ પૂછપરછ માટે તેને ગુજરાત એ.ટી.એસ. અમદાવાદ ખાતે લાવવામાં આવ્યો હતો.

પ્રાથમિક પૂછપરછમાં આરોપી ગુરપ્રિતસિંઘે કબૂલાત કરી છે કે તે મનુ અગવાન અને મનિન્દર બિલા સાથે મળીને પંજાબમાં દહેશત ફેલાવવા ગ્રેનેડ હુમલા કરવાના કાવતરામાં સંડોવાયેલો હતો. ગુજરાત એ.ટી.એસ. દ્વારા પકડાયેલા આ આરોપીને પંજાબ પોલીસને સોંપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## પીઆરની રાહ જોતા ભારતીયોને લાગ્યો ઝટકો: કેનેડાએ જૂની અરજીઓ ફગાવી દીધી

**મુખ્ય સમાચાર, નવી દિલ્હી**

કેનેડામાં નોકરી કરી રહેલા અને PR(Permanent Residence)ની રાહ જોઈ રહેલા ભારતીયોને મોટો ઝટકો લાગ્યો છે. કેનેડાના ઓન્ટારિયો સરકારે અચાનક પોતાના સ્કિલ્ડ ટ્રેડ્સ સ્ટ્રીમ બંધ કરી દીધું છે. આ સાથે જ આ પ્રોગ્રામ હેઠળ સબમિટ કરાયેલી તમામ અરજીઓ ફગાવી દેવામાં આવી છે. આ અરજીઓ છેલ્લા દોઢ-બે વર્ષથી પેન્ડિંગ હતી. સરકારનું કહેવું છે કે લોકોને તેમની ફી અને ફાઈલો પરત કરી દેવામાં આવશે.

આ નિર્ણયની સૌથી વધુ અસર ભારતીયો પર પડી છે, કારણ કે કેનેડાના સ્કિલ્ડ ટ્રેડ્સ સેક્ટરમાં ભારતીય વર્કર્સની સંખ્યા સૌથી વધુ છે અને હજારો લોકો આ સ્ટ્રીમ દ્વારા મેળવવાની આશા રાખીને બેઠા હતા. ફગાવી દેવામાં આવેલી અરજીઓની સંખ્યા પણ હજારોમાં છે.

આ નિર્ણય



ઓન્ટારિયો(કેનેડા)ના ઈમિગ્રેશન પ્રોગ્રામ OINP (Ontario Immigrant Nominee Program) દ્વારા લેવામાં આવ્યો છે. તેમણે પોતાની 'Express Entry: Skilled Trades Stream'ને તાત્કાલિક રોકી દીધી છે. આ સાથે જ આ સ્ટ્રીમમાં હવે કોઈ નવી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં. પહેલાથી જ પ્રક્રિયામાં રહેલી અરજીઓ પરત કરી દેવામાં આવી છે.

ઓન્ટારિયો સરકારનું કહેવું છે કે, આ સ્ટ્રીમમાં વ્યાપક પ્રમાણમાં ખોટી જાણકારી (misrepresentation) અને ફ્રોડ થઈ રહ્યો હતો. સ્ટ્રીમની વર્તમાન રૂપ-રેખા એવી છે કે, તેનો દુરુપયોગ થઈ રહ્યો છે, તેથી ઓન્ટારિયોએ તેને બંધ કરવાનો નિર્ણય લીધો છે.

કેનેડામાં ટ્રેડ વર્કર્સ તરીકે ભારતીયો સૌથી મોટી કમ્યુનિટીમાં આવે છે. જેમ કે, ઈલેક્ટ્રિશિયન, પ્લમ્બર, વેલ્ડર, કન્સ્ટ્રક્શન વર્કર અને ઓટોમોટિવ ટેકનિશિયન. આ સેક્ટર્સમાં ઘણા ભારતીયો કામ કરી રહ્યા છે અને PRનો સૌથી સરળ રાહ સ્કિલ્ડ ટ્રેડ કેટેગરી જ માનવામાં આવતી હતી. હવે જ્યારે આ પ્રોગ્રામ બંધ કરી દેવામાં આવ્યો છે, ત્યારે હજારો ભારતીયોની PR માટેની આશાઓ પર પાણી ફરી વળ્યું છે. તમને જણાવી દઈએ કે આ પહેલા મોટી સંખ્યામાં ભારતીય સ્ટૂડન્ટ વિઝા પણ રિજેક્ટ કરી દેવામાં આવ્યા છે.

## રાજકોટ સહિતના ચાર મહાનગરોમાં ચોમાસા દરમ્યાન રસ્તાઓને થયેલા નુકસાન બાબતે સરકારની લાલ આંખ



**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

રાજયના ચાર મહાનગરોમાં ચોમાસા દરમ્યાન રસ્તાઓને થયેલા નુકસાન, નબળા કામ, લોકોને મુશ્કેલીના સંજોગોમાં સરકારે કડક વલણ જ રાખ્યું છે. બે દિવસ પહેલાની મીટીંગમાં નવા સર્વે, રિપોર્ટના આદેશ, જરૂર પડયે એફઆઈઆરના આદેશ આપ્યા બાદ હવે સરકારે રોડ રીસર્ફેસીંગ સહિતના કામોની સમીક્ષા માટે ચાર ઉચ્ચ અધિકારીઓની નિમણુંક કરી દીધી છે.

આ રીતે સરકાર હવે ન માત્ર રસ્તા પણ અન્ય મોટા કામો ઉપર પણ નજર રાખશે તે સ્પષ્ટ બન્યુ છે. ભાંગેલા રસ્તાઓની મહાનગરોમાં વિગતવાર ચકાસણી કરીને સીધો સચીવને રિપોર્ટ આપવાની છે. જે સર્વેના કારણે રાજકોટ, સુરત, વડોદરા, ભાવનગર કોર્પો.ની ટીમો ફરી દોડાદોડીમાં પડી છે.

પ્રજાને જીવનજરૂરી સવલતો પૂરી પાડતા વિકાસકાર્યો સરકારની પ્રાથમિકતા છે. ગુજરાત રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સરકાર આ દિશામાં સતત પ્રયત્નશીલ છે. જે અનુસાર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્ય સરકાર દ્વારા મહત્વની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં લેવામાં આવેલ નિર્ણય અનુસાર, રાજ્યમાં ચોમાસા દરમિયાન ડિફેક્ટ લાયબિલિટી પિરિયડ હેઠળ બનાવાયેલા કેટલાક રસ્તાઓમાં થયેલ નુકસાનની સમીક્ષા કરવા માટે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા રાજ્ય સ્તરની વિશેષ ટીમની રચના કરવામાં આવી છે.

જેમાં રાજ્યની ભાવનગર, રાજકોટ, વડોદરા અને સુરત જેવી ૪(ચાર) મહાનગરપાલિકાઓના રોડ ની કામગીરીની ચકાસણી કરવા અધિક્ષક ઈજનેરે નેતૃત્વ હેઠળ ચાર વિશેષ ટીમોની રચના કરવામાં આવી છે.

આ ટીમ દ્વારા સુરત, વડોદરા, રાજકોટ અને ભાવનગર મહાનગરપાલિકાના વિસ્તારોમાં સ્થળ મુલાકાત લઈને, ડીફેક્ટ લાયાબીલીટી હેઠળના તૂટેલા માર્ગોની થયેલ કામગીરીની વિગતવાર ચકાસણી હાથ ધરવામાં આવશે.જે તાકીદે કાર્યા બાદ, સંબંધિત તમામ માહિતી સાથેનો અહેવાલ અગ્ર સચિવને સુપરત કરવામાં આવશે.

વધુમાં, વધુમાં, આગામી સમયમાં પ્રાદેશિક કમિશ્નરોની કચેરીઓ મારફતે નગરપાલિકાના વિસ્તારોમાં કરવામાં આવેલા રસ્તા મરામતના કામોના ક્રોસ વેરીફિકેશનની કામગીરી હાથ ધરવામાં આવશે. રાજ્યની અન્ય મહાનગરપાલિકાઓમાં પણ સ્થળ તપાસ દ્વારા માર્ગોની ગુણવત્તા અને કામગીરીની સમીક્ષા કરવામાં આવશે.

## પૂર્વ કેન્દ્રીય મંત્રી આર.કે.સિંહ ૬ વર્ષ માટે ભાજપમાંથી સસ્પેન્ડ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

પૂર્વ કેન્દ્રીયમંત્રી આર. કે. સિંહ સામે ભાજપે મોટી કાર્યવાહી કરી છે. તેમને ૬ વર્ષ માટે પાર્ટીમાંથી સસપેન્ડ કરી દેવામાં આવ્યા છે. પાર્ટીવિરોધી પ્રવૃત્તિઓને કારણે તેમની સામે આ કાર્યવાહી કરાઈ હોવાની માહિતી મળી રહી છે.

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને નૌકરશાહથી નેતા બનેલા આર. કે. સિંહે તેમના તાજેતરના નિવેદનોથી બિહાર વિધાનસભા ચૂંટણી વચ્ચે ભાજપ માટે સતત મુશ્કેલી ઊભી કરી હતી. તેમણે નીતિશ સરકાર સામે ગંભીર આરોપો મૂક્યા હતા જેના લીધે પાર્ટી માટે સ્થિતિ અસહજ બની હતી. એવામાં કયાસ લગાવાઈ રહ્યા હતા કે ભાજપ તેમની વિરુદ્ધ કડક પલગાં ભરી શકે છે અને ચૂંટણી પત્યા



બાદ આખરે તેમને છ વર્ષ માટે પાર્ટીમાંથી બરતરફ કરાયાનો નિર્ણય લેવાયો.

આર.કે. સિંહ સતત ભાજપ નેતૃત્વથી દૂર રહેતા હતા અને પક્ષના નેતાઓ વિરુદ્ધના પ્રશાંત કિશોરના નિવેદનોને ખુલ્લેઆમ ટેકો આપતા હતા. ચૂંટણી પ્રચાર દરમિયાન પણ તેમણે વડાપ્રધાન અને પક્ષની બેઠકોથી અંતર જાળવી રાખ્યું હતું, જેનાથી ભાજપ નેતૃત્વ માટે ચિંતા વધી હતી. પક્ષ માનતો હતો કે ચૂંટણી દરમિયાન કોઈપણ કઠોર કાર્યવાહીનો વિરોધ પક્ષ દ્વારા મુખ્ય મુદ્દા તરીકે ઉપયોગ કરી શકાય છે, પરંતુ આખરે, સંજોગોને કારણે ભાજપે તેમની સામે શિસ્તભંગના પગલાં લેવા પડ્યા.

# જામનગરમાં ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતીની ઉજવણી




**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર ,ભગવાન બિરસા મુંડાની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાતમાં તા.૧ થી તા.૧૫ નવેમ્બર દરમિયાન જન જાતીય ગૌરવ ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણના રાજ્યકક્ષાના મંત્રી રીવાબા જાડેજાની અધ્યક્ષતામાં જામનગર શહેરના ટાઉનહોલ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં રાજ્યકક્ષાના મંત્રી રીવાબા જાડેજાએ જણાવ્યું હતું કે, આદિવાસી સમાજના એક મહાન યોદ્ધા, સમાજ સુધારક અને આંદોલનકાર ભગવાન બિરસા મુંડા આદિવાસી સમુદાયના નેતા હતા. તેમણે બ્રિટિશ શાસનના વિરોધમાં આદિવાસી સમુદાયને એકત્રિત કરી આર્થિક અને સામાજિક શોષણ પ્રણાલીઓને પડકાર આપ્યો હતો. તેમના પ્રભાવશાળી વ્યક્તિત્વ અને આંદોલનના કારણે તેઓને લોકપ્રિય રીતે ભગવાન બિરસા.કહેવાતા હતા.તેમણે આદિવાસી સમાજમાં એકતા લાવી અને આધુનિક શિક્ષણ તથા સ્વચ્છતાના મહત્વ પર ભાર મૂક્યો હતો. બિરસા મુંડાએ ઉલગુલાન નામક આંદોલનનું નેતૃત્વ કર્યું હતું, જે પ્રખ્યાત આદિવાસી વિદ્રોહ હતું. તેમનું જીવન માત્ર ૨૫ વર્ષનું હતું, પરંતુ તેમના આંદોલન અને ત્યાગના કારણે તેઓ આજે પણ આદિવાસી સમુદાય માટે ભગવાન બિરસા.તરીકે પૂજાય છે.

રાષ્ટ્રનિર્માણમાં જનજાતિય સમાજના ગૌરવપૂર્ણ યોગદાનને જન-જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ્ય સાથે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી વર્ષ ૨૦૨૧માં આદિજાતિ સમુદાયના પૂજનીય, જનનાયક બિરસા મુંડાના જન્મદિવસ તા.૧૫મી નવેમ્બરને જન જનજાતીય ગૌરવ દિવસ તરીકે સમગ્ર દેશમાં ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્ય સરકાર દ્વારા તા.૭ થી ૧૩ નવેમ્બર સુધી અંબાજીથી એકતાનગર અને ઉમરગામથી એકતાનગર સુધી કુલ ૧,૩૭૮ કિ.મી.ની જનજાતિય ગૌરવ રથ યાત્રા નું આયોજન કરવામાં આવ્યું છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભગવાન બિરસાની સ્મૃતિમાં દર વર્ષે ૧૫ નવેમ્બરને 'જનજાતિય ગૌરવ દિવસ' તરીકે ઉજવવાની પ્રણાલી શરૂ કરાવી આદિજાતિ અસ્મિતાને ગૌરવ અપાવ્યું છે. દેશમાં તેમની ૧૫૦મી જન્મજયંતિ ઉજવાઈ રહી છે, ત્યારે રાજ્યમાં આ માત્ર ઔપચારિક ઉજવણી નહીં, પણ આદિજાતિ સમુદાયમાં સામાજિક ચેતના અને ગૌરવ ઉજાગર કરવામાં નિમિત્ત બનશે.કાર્યક્રમમાં મંત્રીના હસ્તે જામનગર જિલ્લાના વિવિધ વિભાગો જેમાં માર્ગ અને મકાન વિભાગ.રાજ્ય, શિક્ષણ વિભાગ હેઠળના સમગ્ર શિક્ષા અભિયાન હેઠળના પ્રોજેક્ટ અંતર્ગતના કામો,ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, નર્મદા,જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, માર્ગ અને મકાન વિભાગ.પંચાયત, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ તથા સામાન્ય વહીવટી વિભાગ અંતર્ગત વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ હેઠળના કુલ રૂ. ૨૧,૭૭૩.૬૧ લાખના ૫૪ પ્રકલ્પોનું ઈ-ખાતમુહુર્ત તથા ૨૪૪૯.૯૨ લાખના ૧૦૬ પ્રકલ્પોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું.આ કાર્યક્રમમાં ઉપસ્થિત સૌએ ધરતી આબા ભગવાન બિરસા મુંડના જીવન ચરિત્ર પરની ફિલ્મ નિહાળી હતી. તેમજ તેઓના જીવન વિશે વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહાનુભાવોના હસ્તે આદિજાતિ સમાજના અગ્રેસર આગેવાનોનું સમ્માન, વિવિધ સ્પર્ધાઓમાં પસંદ થયેલા વિદ્યાર્થીઓ, શ્રેષ્ઠ શાળાઓના આચાર્યનું સમ્માન,વિવિધ યોજનાઓ જેમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓને ચાવી વિતરણ તથા મંજૂરીપત્રો, ૩ સખી મંડળોને કેસ ક્રેડીટ લોન અંતર્ગત રૂ.૧૪લાખની રકમના ચેક, પ્રધાનમંત્રી સ્વનિધિ અંતર્ગત શહેરી ફેરિયાઓ માટે લોનની રકમના ચેક એનાયત કરવામાં આવ્યા હતા.આ કાર્યક્રમમાં ધારાસભ્યો સર્વ,મેઘજીભાઈ ચાવડા,દિવ્યેશભાઈ અકબરી, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, જિલ્લા પોલીસ વડા ડો.રવિમોહન સૈની, અગ્રણી બિનાબેન કોઠારી,નિવાસી અધિક કલેક્ટર.બી.એન.ખેર,જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડ,નાયબ મ્યુનિસિપલ કમિશનર ઝાલા,મહામંત્રી દિલીપભાઈ ભોજાણી, અધિકારીઓ,અગ્રણીઓ તેમજ બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન હરિદેવ ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું.

# જામનગરના ટોડા ગામમા સોલાર પ્લાન્ટમાંથી કેબલની ચોરી કરનાર ટોળકી ઝડપાઇ



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કાલાવડના ટોડા ગામમાં આવેલા સોલાર પ્લાન્ટમાંથી રૂ.૧ લાખ ૩૦ હજારના કેબલની ચોરીની તપાસ કરતી કાલાવડ ગ્રામ્ય પોલીસે છ શખ્સને દબોચી લીધા છે. આ શખ્સોએ ટોડામાં ચોરી કરવા ઉપરાંત મોરબીના મીતાણા ગામમાં પવનચક્કીમાંથી પણ કેબલ ચોરી કર્યાની કબૂલાત આપી છે. રૂ.૧,૧૯,૮૫૦નો મુદ્દામાલ કબજે કરી લેવાયો છે.કાલાવડ તાલુકાના ટોડા ગામમાં એમ્પિન એનર્જી ગ્રીન નાઈન પ્રા.લિ. નામની કંપનીના આવેલા સોલાર પ્લાન્ટમાંથી થોડા સમય પહેલાં રૂ.૧ લાખ ૨૦ હજારની કિંમતના ૬૫૦૦ મીટર કેબલની ચોરી થઈ ગઈ હતી જેની પોલીસમાં ફરિયાદ કરવામાં આવતા પીઆઈ પી.જી. પનારાના વડપણ હેઠળની પોલીસ ટીમ તપાસમાં જોતરાઈ હતી.તે દરમિયાન ટેકનિકલ એનાલિસિસ તથા બાતમીદારો પાસેથી મળેલી વિગતોના આધારે પોલીસે રાજકોટના કુવાડીયા રોડ પર ગ્રીન લેન્ડ ચોકડી પાસે રહેતા અને શાકભાજી, ભંગારનો વેપાર કરતા મૂળ જસદણના ભંડારીયા ગામના ઉમેશ માધુભાઈ સોલંકી તથા પ્રદ્યુમનનગરમાં રહેતા રવિ ઈશ્વરભાઈ ધધાણીયા અને અંજારના આલીશા જુસબ શેખ, રહીશશા જુસબશા શેખ, બિલાલ જુસબ હિંગરોજા ઉર્ફે મોહસીન અને બુધનશા મામદશા ફકીર ઉર્ફે બાવલા નામના છ શખ્સને પકડી પાડ્યા હતા.આ શખ્સોની પૂછપરછ કરાતા તેઓએ ટોડામાં સોલાર પ્લાન્ટમાં ચોરી કરવા ઉપરાંત મોરબીના ટંકારામાં તાલુકાના મીતાણા ગામમાં પવનચક્કીમાં ચોરી કર્યાની કબૂલાત આપી છે. આ શખ્સો પાસેથી રૂ.૯૮ હજાર રોકડા, છ મોબાઈલ, ચોરીમાં વાપરેલા સાધનો મળી કુલ રૂ.૧,૧૯,૮૫૦નો મુદ્દામાલ કબજે કરાયો છે.

આરોપી પૈકીના આલીશા શેખ સામે અંજારમાં છ ગુન્હા અને રહીમશા સામે અંજાર, દુધઈ, સામખીયારી પોલીસ સ્ટેશનમાં સાત ગુન્હા, બિલાલ સામે ગાંધીધામ તથા ધ્રોલમાં કુલ છ ગુન્હા નોંધાયેલા હોવાનું ખૂલ્યું છે.

# જામનગર અને ભાદરા હેઠળ આવતા લોકો માટે ગ્રામ્યદીનની કરાઇ ઉજવણી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર અને ભાદરા હેઠળ આવતા લોકો માટે ગ્રામ્યદીનની કરાઇ ઉજવણી.બીએપીએસ સ્વામીનારાયણ મંદિરમાં પ્રગટ બ્રહ્મસ્વરૂપ પ.પૂ. મહંત સ્વામી બિરાજમાન થયા છે ત્યારે તા. ૧૨ અને ૧૩ના રોજ તેમની દિવ્ય નિશ્રામાં બીએપીએસ સ્વામીનારાયણ મંદિર ખાતે જામનગર અને ભાદરા હેઠળ વિસ્તારમાં આવતા હરીભકતો માટે ગ્રામ્યદીનની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી જેમાં હજારો હરીભકતો અને નાના બાળકો જોડાયા હતા.

પૂ. મહંત સ્વામીજીની ઉપસ્થીતીમાં સંગીતજ્ઞ વૃંદ દ્વારા વિવિધ ભજન-કીર્તનના સંગે અને બાળકોના મુખપાઠ દ્વારા પ્રાત પૂજા દર્શનનો હજારો હરીભકતો અને બાળકોએ લાભ લીધો હતો, નાના-નાના બાળકો દ્વારા થતી મુખપાઠની રજુઆત જોઈને પૂ. સ્વામીજી ખુબ જ રાજી થયા હતા, તેમના હસ્તે નવા નિર્માણ પામનાર હરી મંદિરનું ખાતમુહુર્ત પણ થયુ હતું, લતીપર, નંદપુર અને હરીપર ગામમાં હરી મંદિરો તૈયાર થયા તે મૂર્તિઓનું પૂજન પણ તેમના હસ્તે થયુ હતું, સાથે સાથે વાનાવડ, માજોઠ અને વરણા ગામના મંદિર તેમજ આશ્રમ માટે ઈષ્ટીકાઓનું પણ પૂજન કરવામાં આવ્યુ હતું.ભાણવડ, ખંભાળીયા તથા ભાદરા ક્ષેત્રના ગ્રામ્ય વિસ્તારના હરીભકતોની હાજરીમાં જામનગર જીલ્લો અને દેવભુમી દ્વારકા જીલ્લાના નકશા પર હાથ ફેરવી સત્સંગ ખુબ વધશે અને બધા તને મને ધને સુખી થશે એવા આશીર્વાદ આપ્યા હતા, આ ક્ષેત્રમાંથી પધારેલા હરીભકતો બાપાના સ્વાગત માટે ભકિતભાવથી તૈયાર કરીને કલાત્મક હાર, પ્રસાદ અને વિવિધ ઉપહારો લાવ્યા હતા તે અર્પણ કર્યા હતા.શ્રી હરીના સમયે કેવા કેવા ભકતો હતા ? એવા રસપ્રદ સંવાદની પણ રજુઆતો થઇ હતી જેમાં આજ્ઞાપાલનનો મહિમા જાણ્યો હતો, બાળકોએ ભાગ્ય મોટાએ ભુમીના સંવાદ દ્વારા બ્રહ્મસ્વરૂપ, ગુણાતીતાનંદ સ્વામીના જન્મ સ્થાન એવા ભાદરા ગામનો દિવ્ય મહિમાનું ગાન ગાયુ હતું અને આ સ્થાનનો મહિમા વર્ણવતો પત્ર લખ્યો હતો તેના પર નિરૂપણ દ્વારા આશીર્વાદ આપ્યા હતા.સ્વામીજી સમક્ષ કાર્યકરોનો પરિચય કરાયો હતો અને પૂ. અપુર્વમુની સ્વામી દ્વારા સુંદર પ્રશ્નોતરી થઇ હતી, પૂ. મહંત સ્વામીએ જણાવ્યુ હતું કે ગ્રામ્ય વિસ્તારમાં હજુ પણ મંદિરો થશે, સત્સંગ પણ વધશે અને ગુણાતીતાનંદ સ્વામીએ કહયું છે તેમ પાંદડે-પાંદડે સત્સંગ થશે, આ સભાના અંતમાં અક્ષર પુરૂષોતમ મહારાજ સંગે ગુરૂ હરીની સમુહ આરતીનો લાભ ભકતોએ લીધો હતો.

# મોરબીની ન્યુ એરા ગ્લોબલ સ્કૂલે વિદ્યાર્થીઓને વૈશ્વિક મંચ પર પહોંચાડ્યા

**મુખ્ય સમાચાર, મોરબી**

તા. ૧૧ અને ૧૨ નવેમ્બર ૨૦૨૫ દરમ્યાન ન્યુ એરા ગ્લોબલ સ્કૂલ, મોરબીએ I.I.M.U.N. Conference ૨૦૨૫નું સફળ આયોજન કર્યું હતું. આ બે દિવસીય કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિ બની વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા અને ડિબેટ કરીને નેતૃત્વ અને સંવાદકૌશલ્યનો ઉત્તમ પરિચય આપી સૌનું મન જીતી લીધું હતું. આ સાથે સ્કૂલે બાળકોને વૈશ્વિક વિચારસરણી તરફ દોરી જતાં શૈક્ષણિક ક્ષેત્રે નવી દિશા આપી છે.




મોરબીની ન્યુ એરા ગ્લોબલ સ્કૂલ દ્વારા તા. ૧૧ અને ૧૨ નવેમ્બર ૨૦૨૫ના રોજ આયોજન કરાયેલ I.I.M.U.N. Conference ૨૦૨૫ Empowering Future Leaders કાર્યક્રમને વિદ્યાર્થીઓ અને સ્કૂલ તંત્ર તરફથી ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો. આ બે દિવસીય વૈશ્વિક કૉન્ફરન્સનું મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓને વિશ્વસ્તરીય મંચ પર વિચારો વ્યક્ત કરવાની તક આપવી, નેતૃત્વ ગુણો વિકસાવવા તથા વૈશ્વિક સમસ્યાઓને સમજવાની પ્રેરણા આપવાનો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ જુદા-જુદા દેશોના પ્રતિનિધિઓ તરીકે ભાગ લઈને, આજના યુગના મહત્વના વૈશ્વિક પ્રશ્નો પર પોતપોતાના વિચારો રજૂ કર્યા હતા. ચર્ચા, વિચાર-વિમર્શ અને ડિબેટના માધ્યમથી વિદ્યાર્થીઓએ દુનિયાના પડકારો માટે ઉકેલ શોધવાના મોહક પ્રયાસો કર્યા હતા. તેમની બુદ્ધિ, આત્મવિશ્વાસ અને સંવાદકૌશલ્ય જોવા મળતા ઉપસ્થિત બધાએ તેમની પ્રશંસા કરી હતી.

ન્યુ એરા ગ્લોબલ સ્કૂલ મોરબી જીલ્લાની એવી પ્રથમ શૈક્ષણિક સંસ્થા છે જેણે વિદ્યાર્થીઓને I.I.M.U.N. જેવી આંતરરાષ્ટ્રીય કૉન્ફરન્સમાં ભાગ લેવાની તક આપી છે. આ અનોખી પહેલ દ્વારા સ્કૂલે સ્થાનિક શિક્ષણ જગતમાં એક નવી દિશા દર્શાવી છે. સ્કૂલના સૂત્ર Curiosity | Creativity | Compassionને જીવન્ત રાખવા માટે અને બાળકોને વૈશ્વિક પાયે વિચારી શકે એવી તક આપવા માટે આ કૉન્ફરન્સ મહત્વનું પગલું સાબિત થયું છે. સ્કૂલના મતે,

“Every child deserves a platform to lead, learn, and inspire.” ન્યુ એરા ગ્લોબલ સ્કૂલ માત્ર એક શાળા નહીં પરંતુ વિચાર, આત્મવિશ્વાસ અને નવીનતાનો પ્રેરણાસ્ત્રોત હોવાનું આ કાર્યક્રમ દ્વારા ફરી એક વાર સાબિત કર્યું છે તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# શાળામાં સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન દ્વારા ગોકુલનગરમાં આવેલા નંદનિકેતન વિદ્યાલયમાં સાયબર ક્રાઈમ અવેરનેસ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ૬૦ વિદ્યાર્થી અને શાળાના કર્મચારીઓએ પોલીસ પાસેથી સાયબર ફ્રોડની વિગતો મેળવી હતી. પીઆઈ આઈ.એ. ધાસુરાના વડપણ હેઠળ સ્ટાફના ભાવિશાબેન, હિરલબેન, શ્રદ્ધાબેને પ્રેઝન્ટેશન આપ્યું હતું

# ઇન્ડોનેશિયામાં યોજાયેલી આઈએસઓની બેઠકમાં ચાઇનાને વધુ એક લપડાક, ભારતીય ડેલિગેશનનો વિરોધ સફળ







**મુખ્ય સમાચાર, મોરબી**

ઈન્ડોનેશિયાના યોગ્યાકર્તા શહેરમાં યોજાયેલી આઈએસઓ (સિરામિક ટાઈલ્સ)ની આંતરરાષ્ટ્રીય બેઠકમાં ચાઇના દ્વારા સ્લેબ ટાઇલ્સ માટે નવા ફરજીયાત ટેસ્ટ સ્ટાન્ડર્ડ લાવવાના પ્રયાસો ફરી નિષ્ફળ ગયા છે. ભારત સહિત અનેક દેશોના વિરોધને કારણે ચાઇના પ્રસ્તાવિત સ્ટાન્ડર્ડ કેન્સલ થયા હતા. મોરબી સિરામિક ઉદ્યોગને બચાવવામાં ભારતીય પ્રતિનિધિઓની ભૂમિકા ફરી એક વખત નિર્ણાયક સાબિત થઈ હતી.

ઈન્ડોનેશિયાના યોગ્યાકર્તા શહેરમાં તા. ૧૩ અને ૧૪ નવેમ્બરના રોજ આંતરરાષ્ટ્રીય સ્તરની ISO-TC/189 વર્કિંગ કમિટીની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી, જેમાં વિશ્વના ૨૯ સભ્ય દેશોમાંથી ૨૬ દેશોના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. સિરામિક ટાઇલ્સ ક્ષેત્રના ગ્લોબલ સ્ટાન્ડર્ડ-સેંટિંગ માટે જાણીતી આ ઓર્ગેનાઇઝેશનની બેઠકમાં ભારત તરફથી પાંચ સભ્યોની પ્રતિનિધિમંડળી હાજર રહી હતી. જેમાં બ્યુરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (BIS)ના ચેરમેન ડો. અશોક ખુરાના, આર.ડી. માથુર, પોલસન કે., મોરબી સિરામિક એસોસિએશનના પ્રમુખ હરેશ બોપલિયા અને કમિટી મેમ્બર જેરામભાઈ કાવર ઉપસ્થિત રહ્યા હતા.

ગત વર્ષમાં ચાઇના ડેલિગેશને સ્લેબ ટાઇલ્સમાં ઇલસ્ટિક મોડ્યુલ્સ ફોર સબસ્ટ્રેટ એન્ડ ગ્લેઝ લેયર નામનો ફરજીયાત ટેસ્ટ લાવવાનો પ્રયાસ કર્યો હતો, જેનો ભારતે કડક વિરોધ કર્યો હતો. ભારતના વિરોધને અમેરિકા, ઇટાલી, બ્રાઝીલ, ઑસ્ટ્રેલિયા અને તર્કી સહિત અનેક દેશોએ ટેકો આપ્યો હતો. અંતે ISO કમિટીના ચેરમેન ડો. સેન્ડર્સ જોન પી. (અમેરિકા)એ ભારતની રજૂઆતને માન્ય રાખતા ચાઇના પ્રસ્તાવને રદ કર્યો હતો. આ વર્ષે ચાઇના ફરી એક વખત સ્લેબ ટાઇલ્સ માટે ફ્રેકચર સ્ટ્રેન્થ ઓફ ગ્લેઝ નામનો નવુ આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડ લાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ભારતીય પ્રતિનિધિમંડળે તાત્કાલિક આ કાવતરાને પણ નિષ્ફળ કર્યું હતું. અન્ય સહયોગી દેશોના સમર્થન સાથે ચાઇનાના આ નવા પ્રસ્તાવનો પણ જોરદાર વિરોધ નોંધાવતાં ચાઇનાની કૂટનીતિ ફરી નિષ્ફળ ગઈ અને પ્રસ્તાવિત સ્ટાન્ડર્ડ કેન્સલ કરવામાં આવ્યું હતું.

આ નવા ટેસ્ટ સ્ટાન્ડર્ડ સ્વીકારવામાં આવે તો મોરબી સિરામિક ઉદ્યોગને ભારે આર્થિક ફટકો લાગી શકે હતો, કારણકે તે મુજબની ગુણવત્તા માટે જરૂરી રો મટીરિયલ ભારતમાં ઉપલબ્ધ નથી. પરિણામે ભારતને આ પ્રકારના રો મટીરિયલ ઇમ્પોર્ટ કરવા પડે, જેના કારણે પડતર બોજ વધી જાય અને વૈશ્વિક બજારમાં મોરબીની સ્પર્ધાત્મકતાને ગંભીર નુકસાન થાય. ચાઇનાનું ધ્યેય સ્પષ્ટ હતું કે, આંતરરાષ્ટ્રીય ISO સ્ટાન્ડર્ડને પોતાની સુવિધા મુજબ ઢાળી મોરબી ઉદ્યોગને વૈશ્વિક બજારમાંથી હટાવવુ, પરંતુ ભારતીય ડેલિગેશનની સતર્કતા, સચોટ રજૂઆત અને કૌશલ્યપૂર્ણ સમજાવટે ચાઇનાના પ્રયાસોને બીજી વખત નિષ્ફળ બનાવી દીધા હતા. BIS-દિલ્હી તથા મોરબી સિરામિક ઉદ્યોગ વચ્ચેની સતત સહકારસભર બેઠકો, માર્ગદર્શન અને તકનીકી સમજણના કારણે ભારત ISOની આંતરરાષ્ટ્રીય મંચ પર મજબૂત રીતે ઊભું રહ્યું. મોરબી સિરામિક મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના પ્રમુખે જણાવ્યું કે દર વર્ષે યોજાતી ISO બેઠક પહેલાં અને પછી મોરબી ઉદ્યોગને જરૂરી માહિતી, તાલીમ તથા માર્ગદર્શન પૂરૂં પાડે છે. પરિણામે મોરબી ઉદ્યોગ ચાઇના જેવી નીતિઓ સામે સચેત રહી શક્યુ છે.

# હળવદ-માળીયા હાઈવે પરથી ટ્રકમાં ચોખાની બોરીઓની આડમાં લવાતો ઈંગ્લીશ દારૂ-બિયરનો જંગી જથ્થો ઝડપી લેવાયો

## એલસીબી પોલીસ ટીમે દારૂ-બિયર, ટ્રક સહિત કુલ રૂ.૫૯.૭૯ લાખના મુદ્દામાલ સાથે ટ્રક-ચાલકની અટક કરી



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એલસીબી પોલીસ ટીમે મકેલ બાતમીને આધારે હળવદ-માળીયા હાઈવે રોડ ઉપર આવેલ બાબા રામદેવ હોટલ સામેથી રોડ ઉપરથી ટ્રક ટ્રેલરમાં ચોખાની બોરીઓની આડમાં છુપાવેલ અલગ-અલગ બ્રાંડની ઇંગ્લીશ દારૂની બોટલો નંગ- ૧૧૦૪ કિ.રૂ.૧૪,૩૫,૨૦૦/- તથા બિયર ટીન નંગ-૬૦૦ કિ.રૂ.૧,૩૨,૦૦૦/-તથા અન્ય મુદામાલ મળી કુલ કિ.રૂ.૫૯,૭૯,૨૦૦/- ના મુદામાલ સાથે આરોપી ટ્રક ચાલકની અટક કરી હતી, જ્યારે સપ્લ-ાયરનું નામ ખુલતા તેને ફરાર દર્શાવવામાં આવ્યો છે, હાલ એલસીબી પોલીસે હળવદ પોલીસ મથકમાં બન્ને આરોપીઓ તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો નોંધાવી આગળની તપાસની તજવીજ શરૂ કરી છે.

મોરબી એલસીબી તથા પેરોલ ફર્લો સ્કવોડ ટીમ પ્રોહીબિશન અંગેની કાર્યવાહી સબબ કાર્યરત હોય ત્યારે પેરોલ ફર્લોના પીએસઆઇ જે.પી.કણસાગરા તથા એલ.સી.બી/પેરોલ ફર્લો સ્કવોડ પેટ્રોલિંગમાં હોય તે દરમ્યાન એએસઆઈ સુરેશભાઇ હુંબલ હેડ કોન્સ. શક્તિસિંહ ઝાલા, ભાવેશભાઇ મિયાત્રા, કોન્સ. વિક્રમભાઇ ફુગશીયા તથા ભગીરથસિંહ ઝાલાને ખાનગીરાહે હકિકત મળેલ કે, હળવદ-અમદાવાદ હાઇવે રોડ ઉપર ધાંગધ્રા બાજુથી હળવદ તરફ એક ટ્રક ટ્રેલર નંબર જીજે-૦૬-એવી-૭૬૭૬ માં ચોખાની બોરીઓ ભરેલ છે અને તે બોરીઓની નીચે ઇંગ્લીશ દારૂનો જથ્થો ભરેલ છે. તેવી ચોકકસ હકિકત આધારે હળવદ-માળીયા હાઇવે રોડ સુખપર ગામ પાસે આવેલ બાબા રામદેવ હોટલ પાસે રોડ ઉપર ટ્રક ટ્રેલરની વોચમાં હતા. દરમિયાન હકીકત વાળી ટ્રક ટ્રેલર નીકળતા તેને રોકી ચેક કરતા તેમાં ચોખાની બોરીઓની આડમાં છુપાવી લવાતો અલગ-અલગ બ્રાન્ડની ઇંગ્લીશ દારૂની બોટલો નંગ-૧૧૦૪ કિ.રૂ.૧૪,૩૫,૨૦૦/- તથા બિયર ટીન નંગ-૬૦૦ કિ.રૂ.૧,૩૨,૦૦૦/- મળી આવ્યો હતો, જેથી તુરંત ટ્રક ચાલક આરોપી પ્રવિણ લાખાભાઇ પગી ઉવ.૪૦ રહે.લાકડીયા પગીવાસ તા.ભચાઉ જી.કચ્છ વાળાની અટક કરવામાં આવી હતી. પકડાયેલ આરોપીની પૂછતાછમાં દારૂ-બિયરનો જથ્થો મોકલનાર આરોપી સિધ્ધરાજસિંહ જાડેજા રહે.લાકડીયા તા.ભચાઉ જી.કચ્છ વાળાનું નામ જણાવતા પોલીસે તેને આ કેસમાં વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે. આ સાથે એલસીબી/પેરોલ ફર્લો સ્કવોડ ટીમે દારૂ-બિયરનો જથ્થો કિ.રૂ.૧૫,૬૭,૨૦૦/-, ટ્રક-ટ્રેઈલર કિ.રૂ. ૨૦ લાખ તથા અન્ય મુદ્દામાલ સહિત કુલ રૂ.૫૯,૭૯,૨૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી બન્ને આરોપીઓ તથા તપાસમાં જેના નામ ખુલ્લે તેની વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં પ્રોહી.એક્ટ હેઠળ ગુનો દાખલ કરાવી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# મોરબી શૈક્ષિક મહાસંઘ દ્વારા કલેક્ટર અને પ્રાંત અધિકારીઓને આવેદનપત્ર અપાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત રાજ્યના આહ્વાન પર મોરબીના શિક્ષકો બીએલઓ ફરજ દરમ્યાન ઉભી થતી મુશ્કેલીઓ, ધરપકડ વોરંટ જેવી દમનકારી કાર્યવાહી અને વધારાની ઓનલાઈન કામગીરીના મુદ્દાઓને લઈને આજરોજ તા.૧૫ નવેમ્બર ૨૦૨૫ના રોજ કલેક્ટર કચેરી ખાતે આવેદનપત્ર આપશે. જેમાં બીએલઓની ફરજો સરળ બને, સમાન વહેંચણી થાય અને શિક્ષક સન્માન જળવાઈ રહે એવા મુદ્દાઓ રજૂ કરાશે.

મોરબી અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત રાજ્ય તરફથી આપવામાં આવેલ આહવાન અનુસંધાને મોરબી મહાસંઘ દ્વારા બીએલઓ તરીકે ફરજ બજાવતા શિક્ષકોને પડતી મુશ્કેલીઓ અંગે તા. ૧૫ નવેમ્બર ૨૦૨૫ શનિવારના રોજ મોરબી કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર અને વિવિધ વિધાનસભા સીટના પ્રાંત અધિકારીઓને આવેદનપત્ર આપવામાં આવશે. હેઠળ મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ શરૂ થયા પછી શિક્ષકોને અતિરિક્ત કામગીરી, અયોગ્ય દબાણ અને અપમાનજનક પ્રક્રિયાઓનો સામનો કરવો પડી રહ્યો છે, જેને લઈને સમગ્ર રાજ્યના શિક્ષક સમાજમાં નારાજગી વ્યાપી છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીના સુધારણા માટે ૪ નવેમ્બરથી ૪ ડિસેમ્બર ૨૦૨૫ દરમિયાન બીએલઓએ ઘરે ઘરે જઈ એન્યુમરેશન ફોર્મ ભરવાનું કાર્ય હાથ ધર્યું છે, જેનો અંતિમ તબક્કો ૭ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ચાલશે. પરંતુ આ કામગીરી શાળાકીય ફરજ બાદ પૂર્ણ કરવી શિક્ષકો માટે મુશ્કેલ બની છે. ડોર-ટુ-ડોર મુલાકાત, ફોર્મ ભરાવવાની પ્રક્રિયા, દરેક મતદારને સમજાવવાની જવાબદારી અને તેના પર વધારાના ઓનલાઈન એન્ટ્રીના ભારને કારણે શિક્ષકોમાં ભારે માનસિક દબાણ સર્જાયું છે. આ ઉપરાંત જ્યારે-ત્યારે મીટિંગમાં હાજરી માટેની કડક સૂચનાઓ અને યોગ્ય કારણસર ગેરહાજરી થાય તો મામલતદાર અથવા કલેક્ટર કચેરીમાંથી ધરપકડ વોરંટ જારી થવાની પ્રવૃત્તિ શિક્ષકોને અતિશય અપમાનજનક અનુભવાય છે.

શિક્ષકોનું માનવું છે કે તેઓ શિક્ષણની સાથે રાષ્ટ્રીય ફરજો પણ નિષ્ઠાપૂર્વક નિભાવતાં આવ્યા છે, પરંતુ બીએલઓ કામગીરીમાં દબાણ અને શિસ્તભંગની નોટિસો આપવાની પદ્ધતિ તંત્રની ડંડાધોરીનું સ્વરૂપ ધારણ કરી રહી છે. પ્રક્રિયામાં ઉમેરાયેલ ઓનલાઈન કાર્ય માટે જરૂરી ટેકનિકલ સગવડો જેમ કે ડેટા, મોબાઈલ, લેપટોપ કહેવાતું કોઈપણ સાધન ઉપલબ્ધ કરાવવામાં આવ્યું નથી, છતાં શિક્ષકોને એન્ટ્રી માટે મજબૂર કરવામાં આવે છે. આ ઉપરાંત બીએલઓ ફરજોની વહેંચણીમાં અસમાનતા છે, કારણકે હાલમાં ૯૦ ટકા કરતાં વધુ બીએલઓ શિક્ષકો જ છે, જ્યારે કેન્દ્રિય ચૂંટણી આયોગે અન્ય ૧૨ કેડરના કર્મચારીઓમાંથી પણ સમાન ફાળવણી કરવાનો આદેશ આપેલો છે. શિક્ષકોનો આક્ષેપ છે કે આવા દબાણસભર વાતાવરણમાં તેઓનું સન્માન અને કાર્યપ્રતિષ્ઠા બંને નુકસાન પામે છે. શિક્ષણક્ષેત્રની ગુણવત્તા વધારવા માટે જરૂરી છે કે શિક્ષકોને ડેટા ઓપરેટર સમાન ફરજોમાં નહિ પરંતુ શિક્ષણકાર્યમાં વધુ સમય અને ઉર્જા આપવા તક મળે. આથી બીએલઓ કામગીરી માટે શાળા-શિક્ષકોને બદલે અલગ કેડર રચવાની માંગણી પણ મહાસંઘ દ્વારા કરવામાં આવી છે.

આ તમામ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને મોરબી મહાસંઘે ૧૫ નવેમ્બરે કલેક્ટર કચેરી ખાતે સંગઠિત હાજરી આપવા અને રાજ્યના મુખ્યમંત્રી તેમજ મુખ્ય ચૂંટણી અધિકારી સુધી આ આવેદન પહોંચાડવાનું નક્કી કર્યું છે. શિક્ષકોનું એકમત માનવું છે કે બીએલઓના સન્માન, સુરક્ષા અને કાર્યપરિસ્થિતિમાં સુધારણા લાવવા માટે આ રજુઆત અત્યંત જરૂરી બની છે.

# મોરબીના મકનસર ગામે ટ્રકે રોડ ડિવાઈડર પાસે બાઇક અને રીક્ષાને હડફેટે લેતા બે ઘાયલ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-વાંકાનેર નેશનલ હાઈવે ઉપર મકનસર ગામે અકસ્માતની ઘટનામાં ટ્રકના ચાલકે પોતાનું વાહન ફૂલ સ્પીડમાં અને બેદરકારીથી ચલાવી આવી રોડ ઉઓર ડિવાઇડરની કટમાં રોડ ક્રોસ કરવા ઉભેલ બાઇક તથા રીક્ષાને હડફેટે લઈને મોટો અકસ્માત સર્જ્યો હતો, જેમાં બાઇક ઉપર સવાર બે લોકોને ગંભીર ઇજાઓ પહોંચી તથા રીક્ષાનો કડુસલો બોલાવી ભારે નુકસાન કર્યું હતું. હાલ બન્ને ઇજાગ્રસ્તો સારવારમાં હોય ત્યારે ઇજાગ્રસ્ત પ્રૌઢ દ્વારા ટ્રકના ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

મળતી માહિતી અનુસાર, વાંકાનેર તાલુકાના રાતાવીરડા ગામના મોજેરામ કેશવદાસ દુધરેજીયા ઉવ.૫૫ ગત તા.૧૧/૧૧ ના રોજ સાંજે પોતાના મિત્ર કરણાભાઈ પોપટભાઈ ગોલતર સાથે મોરબી કામ સબબ કરણાભાઈના મોટરસાયકલ રજી.નં. જીજે-૧૩-એલએલ-૩૩૨૭ માં પાછળ બેસીને જતા હતા ત્યારે મકનસર ગામે આરાધના સીરામીમ કારખાના સામે મોરબી -વાંકાનેર નેશનલ હાઈવે ઉપર રોડ ક્રોસ કરવા ડિવાઇડરની કટ પાસે ઉભા રહ્યા ત્યારે તેમની આગળ એક સીએનજી રીક્ષા રજી.નં. જીજે-૩૬-ડબલ્યુ-૧૬૬૫ પણ ઉભી હતી ત્યારે પાછળથી અચાનક ફૂલ સ્પીડમાં આવેલ ટ્રક રજી.નં. એમપી-૦૯-એચએચ-૬૯૧૯ના ચાલકે પોતાનો ટ્રક ફૂલ સ્પીડના અને ગફલતભરી રીતે ચલાવી આવી બાઇક અને બાદમાં રીક્ષા સાથે જોરદાર ટક્કર મારતા, બાઇક સવાર મોજેરામ અને બાઇક ચાલક કરણાભાઈ નીચે પડી જતા મણકા, પાસળી અને પગમાં ફ્રેકચર જેવી ગંભીર ઇજાઓ પહોંચી હતી, જેથી તેઓને ૧૦૮ મારફત મોરબીની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બીજીબાજુ સીએનજી રીક્ષ-ામાં નુકસાન થયું હતું. હાલ મોરબી તાલુકા પોલીસે ઇજાગ્રસ્ત મોજેરામની ફરિયાદને આધારે આરોપી ટ્રક ચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મીડિયાકર્મીઓ માટે આયોજિત હેલ્થ ચેકઅપ કેમ્પના પ્રથમ દિવસે ૫૦ થી વધુ પત્રકારોએ લાભ લીધો

## શુગર, લીવર, કિડની, થાઈરોઈડ બી-૧૨ સહિતના બ્લડ અને ડેન્ટલ, એક્સ-રે, ઈ.સી.જી. સહિતના રીપોર્ટ્સ સામેલ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

નરેન્દ્રભાઈ મોદીએ પત્રકારત્વ સાથે સંકળાયેલા કર્મીઓ માટે 'ફિટ ઈન્ડિયા ફિટ મીડિયા' કેમ્પેઈન શરુ કરાવ્યું છે. જેના ભાગરૂપે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં સતત બીજા વર્ષે મીડિયાકર્મીઓ માટે ગુજરાત ભરમાં હેલ્થ ચેકઅપ કેમ્પના આયોજન હાથ ધરવામાં આવ્યા છે.

ગુજરાત રાજ્યના માહિતી ખાતા અને ગુજરાત રેડક્રોસ સોસાયટીના સંયુક્ત ઉપક્રમે 'ફિટ ઈન્ડિયા ફિટ મીડિયા' અભિયાન અન્વયે રાજકોટ ખાતે આયોજિત બે-દિવસીય હેલ્થ ચેકઅપ કેમ્પના પ્રથમ દિવસે ૫૦ થી વધુ પત્રકારોએ બ્લડ રીપોર્ટ, એક્સ-રે, ડેન્ટલ તેમજ ઈ.સી.જી. સહિતના વિવિધ રીપોર્ટ્સ કરાવી સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ દર્શાવી છે.

સવારે ૮ કલાકે પ્રારંભ થયેલા કેમ્પમાં રેડક્રોસ દ્વારા સુંદર આયોજન વચ્ચે બ્લડ સેમ્પલ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં કમ્પ્લીટ બ્લડ કાઉન્ટ, લીવર, લિપિડ પ્રોફાઈલ, કિડની, સાંધા માટે, હાડકા માટે, થાઈરોઈડ, બી-૧૨, વિટામિન ડી, ત્રણ મહિનાનું સરેરાશ સુગર સહિતના રીપોર્ટ સામેલ છે.

જ્યારે ૩૫ કે તેથી વધુ વર્ષની ઉંમરના પત્રકારો માં ટે ઇ.સી.જી. અને એક્સ-રે રીપોર્ટ કરી આપવામાં આવ્યા હતાં. હજુ આવતી કાલ તા. ૧૫ નવેમ્બરના રોજ સવારે ૮ થી ૧૧ કલાક દરમ્યાન બાકી રહી ગયેલા મીડિયાકર્મીઓ માટે આ કેમ્પ ચાલુ રહેશે.

પ્રાદેશિક માહિતી કચેરી,રાજકોટના સંયુક્ત માહિતી નિયામક મિતેષ મોડાસીયાના માર્ગદર્શનમાં માહિતી કચેરીના અધિકારી તેમજ કર્મચારીઓએ પત્રકારો માટે વ્યવસ્થાપન સંભાળ્યું હતું.

કેમ્પને સફળ બનાવવા રેડક્રોસ સોસાયટીના ડો. દિપક પટેલ અને તેમની ટીમના સહયોગથી ઈન્ડિયન રેડ ક્રોસ ટ્રસ્ટ સોસાયટી, ગુજરાત શાખાની અમદાવાદ ટેક્નિકલ ટીમના સર્વે સંજયભાઈ, હર્ષિલભાઈ શ્રીમાળીભાઈ, નવનીતભાઈ, સુરેશભાઈ, જીતુભાઈ સુખડિયાનો આ કેમ્પ માટે સહયોગ પ્રાપ્ત થયો છે.

# રાજકોટ જિલ્લાના ખેડૂતો માટે કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા ડિજિટલ ગુજરાત પોર્ટલ પર આજથી અરજી કરવાનું શરૂ

## ૧૫ દિવસ સુધી અરજી કરી શકાશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ઓક્ટોબર-૨૦૨૫ માસમાં થયેલ કમોસમી વરસાદથી ખેતી પાકોને થયેલ નુકસાન અન્વયે રાજ્ય સરકારશ્રી દ્વારા જાહેર કરાયેલા ''કૃષિ રાહત પેકેજ-ઓક્ટોબર-૨૦૨૫માં રાજકોટ જિલ્લાના તમામ તાલુકાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેનો લાભ મેળવવા માટે ફોર્મ ભરવા માટે તા. ૧૪/૧૧/૨૦૨૫ ના રોજ બપોરે ૧૨ કલાકથી ૧૫ દિવસ માટે પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવ્યું છે.

રાજ્ય સરકારશ્રી દ્વારા રાજકોટ, પડધરી, જસદણ, જેતપુર, ધોરાજી, ઉપલેટા, જામકંડોરણા, ગોંડલ, કોટડાસાંગાણી, લોધિકા અને વિંછીયા તાલુકાના ખેડૂતભાઈઓને ''કૃષિ રાહત પેકેજ-ઓક્ટોબર-૨૦૨૫નો લાભ મળશે. આ કૃષિ પેકેજનો લાભ મેળવવા માટે નુકસાનગ્રસ્ત વિસ્તારોમાં ખેડૂત ખાતેદાર દ્વારા વાવેતર કરેલ પાકોમાં નિયત ધોરણો અનુસાર 33% કે તેથી વધુ પાક નુકસાન થયેલ હોય તેમને પોર્ટલ પર ગ્રામ્ય કક્ષાએ VCE મારફત જરૂરી સાધનિક કાગળો જેવાકે ગામનો નમૂનો ૮-અ, તલાટીનો વાવેતર અંગેનો દાખલો/ગામ નમુના નં ૭/૧૨, આધાર કાર્ડની નકલ, બેન્ક પાસબુકના પ્રથમ પાનાની નકલ (IFSC કોડ સાથે), મોબાઈલ નંબર, સંયુક્ત ખાતાના કિસ્સામાં સંયુકત ખાતેદારો પૈકી એક જ ખાતેદારને લાભ અપાય તે અંગેનો અન્ય ખાતેદારોની સહી વાળો ''ના-વાંધા અંગેનો સંમતિ પત્ર'' સાથે ઓનલાઈન અરજી કરવાની રહેશે.

''કૃષિ રાહત પેકેજ '' નો લાભ મળવા પાત્ર હોય તેવા ખેડૂતો ઉપર દર્શાવેલ જરૂરી દસ્તાવેજો સાથે તા. ૧૪/૧૧/૨૦૨૫ ના રોજ બપોરે ૧૨ કલાકથી ૧૫ દિવસ માટે પોર્ટલ પર ઓનલાઇન અરજી કરી શકશે, તેમ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# ટંકારા પાસે ૬૦ ફૂટ ઊંડા કૂવામાંથી સગીરની લાશ મોરબી ફાયર ટીમે બહાર કાઢી



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ફાયર ટીમને મળેલા રેસ્ક્યૂ કોલ બાદ ફાયર ટીમ તાત્કાલિક ટંકારા તાલુકાના જીવાપર ગામે પહોંચી ૬૦ ફૂટ ઊંડા કૂવામાંથી ૧૨ વર્ષિય બાળકની બોડી લગભગ એક કલાકની ભારે મહેનત બાદ બહાર કાઢી હતી. મૃતદેહને ટંકારા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

મોરબી ફાયર કંટ્રોલ રૂમમાં તા.૧૪/૧૧ના રોજ ૦૧૧૬ કલાકે રેસ્ક્યૂ માટેનો તાત્કાલિક કોલ મળતા જ ફાયર ટીમ ઘટનાસ્થળે રવાના થઈ હતી. આ ઘટના ટંકારા તાલુકાના જીવાપર ગામના ડગરપાર્ટ વાડી વિસ્તારમાં બની હતી, જ્યાં ૬૦ ફૂટ ઊંડા કૂવામાં એક સગીર પડી ગયો હોવાની માહિતી મળી હતી. ફાયર વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચતાંજ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. જ્યાં લગભગ ૧ કલાકની ભારે જહેમત અને લોક સહાયતા સાથે ટીમે બાળકની બોડી સફળતાપૂર્વક બહાર કાઢી હતી. મૃતક સગીરનું નામ જયદીપ મહેશ ભાભોર ઉમર ૧૨ વર્ષ રહે.મૂળ દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના રાસવા ગામના નિવાસી અને હાલ ટંકારા તાલુકાના જીવાપર ગામની ડગરપાર્ટ વાડી વિસ્તારમાં રહેતા હતા. ફાયર વિભાગે ડેડબોડીને ટંકારા સિવિલ હોસ્પિટલ ખસેડી આપી છે.

# જામનગરમાં NDAની જીતની ખુશીમાં ઉજવણી



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં બિહારમાં NDAની જીતની ખુશીમાં જામનગરમાં ઉજવણી કરવામાં આવી.બિહાર વિધાનસભા ચૂંટણીમાં NDAના વિજય બાદ રિવાબા જાડેજાએ પ્રતિક્રિયા આપી છે. તેમણે જણાવ્યું કે બિહારની જનતાએ ફરી એકવાર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. જાડેજાએ ઉમેર્યું કે બિહારની જનતાએ રેકોર્ડબ્રેક મતદાન કરીને આ વિશ્વાસ પ્રસ્થાપિત કર્યો છે. NDA સરકારના કાર્યકાળમાં બિહાર વધુ ઝડપથી વિકાસના પંથે આગળ વધશે.આ ઉજવણીમાં ભાજપના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌએ મીઠાઈ વહેંચીને વિજયની ખુશી વ્યક્ત કરી હતી.

# મોરબીમાં આજે રૂ. ૫૯.૭૭ કરોડથી વધુના રસ્તાઓના કામોનું ખાતમુહૂર્ત કરાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી જીલ્લામાં આજે સાંજે ૪:૩૦ કલાકે બેલા(રંગપર) ખાતે રોડ રસ્તાના ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાનાર છે. જ્યાં શ્રમ, રોજગાર અને કૌશલ્ય વિકાસ રાજ્યમંત્રી કાંતિલાલ અમૃતિયાના વરદ હસ્તે માર્ગ અને મકાન વિભાગ પંચાયત તથા સ્ટેટ હસ્તકના રૂ. ૫૯.૭૭ કરોડથી વધુના રોડ રસ્તાના કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવનાર છે. મોરબી જીલ્લામાં વાહન વ્યવહાર સુગમ બનાવવા તથા પરિવહન ક્ષેત્રે માળખાકીય પરિવર્તન માટે અંદાજે રૂ. ૨૮.૪૩ કરોડથી વધુના ખર્ચે બેલા ભરતનગર (શ્રી ખોખરા હનુમાન) રોડ, અંદાજે રૂ. ૭.૯૦ કરોડના ખર્ચે પીપળીયા-મહેન્દ્રગઢ-સરવડ રસ્તાનું રીસર્ફેસિંગ, અંદાજે રૂ. ૭.૫૧ કરોડથી વધુ ના ખર્ચે ઝિકિયારી ખાતે મેજર બ્રિજ અને અંદાજે રૂ. ૧૫.૯૩ કરોડથી વધુના ખર્ચે અણીયારી વેજલપર ઘાટીલા રોડ સહિતના રોડ રસ્તાની ભેટ મોરબી જીલ્લાને મળવા જઈ રહી છે. આ પ્રસંગે મોરબી જીલ્લાના પદાધિકારીઓ અને અધિકારીઓ ઉપસ્થિત રહેશે. ત્યારે આ પ્રસંગે મોરબી જીલ્લાવાસીઓને પધારવા માર્ગ અને મકાન વિભાગ (પંચાયત તથા સ્ટેટ) દ્વારા નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# મોરબીની દોશી-ડાભી હાઈસ્કૂલમાં આગની સફળ મોકડ્રિલ, ફાયર ટીમ ૮ મિનિટમાં પહોંચી રેસ્ક્યૂ કામગીરી કરી





**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીમાં દોશી એમ.એસ. ડાભી એન.આર. હાઈસ્કૂલમાં આગની પરિસ્થિતિને નિર્દેશ કરતી મોકડ્રિલ યોજાઇ હતી, જેમાં બે કેઝ્યુલિટીને રેસ્ક્યૂ કરવામાં આવ્યા હતા. મોરબી મહાનગરપાલિકાની ફાયર ટીમે ૮ મિનિટમાં પહોંચી સફળતાપૂર્વક આગ ઉપર કાબૂ મેળવ્યો હતો.

મોરબીના પંચાસર ચોકડી બાયપાસ રોડ, મહાવીર નગર ખાતે આવેલી શ્રી દોશી એમ.એસ. ડાભી એન.આર. હાઈસ્કૂલમાં તા. ૧૨/૧૧ ના રોજઆગની પરિસ્થિતિ સર્જાતા મોરબી ફાયર કન્ટ્રોલરૂમને સવારે ૧૧.૧૪ કલાકે કોલ મળ્યો હતો. કોલ અનુસાર શાળાના બીજા માળે આગની ઘટના સાથે બે કેઝ્યુલિટીઓ ફસાયેલ હોવાની માહિતી આપવામાં આવી હતી. કોલ મળતાની સાથે જ મોરબી મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડ ટીમ માત્ર ૮ મિનિટમાં ફાયર ફાઈટર અને તમામ આધુનિક સાધનો સાથે ઘટનાસ્થળે હાજર થઈ ગઈ હતી. ઈન્ચાર્જ ચીફ ફાયર ઓફિસરે જણાવ્યું હતું કે, આગની જાણ થતાં જ શાળામાં લગાવેલી ફાયર અલાર્મ સિસ્ટમ તાત્કાલિક ચાલુ કરવામાં આવી હતી અને તમામ વિદ્યાર્થીઓ તથા સ્ટાફને એસેમ્બલી એરિયામાં સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા. ફાયર જવાનોએ તાત્કાલિક બીજા માળે પહોંચીને ફસાયેલી બે કેઝ્યુલિટીઓને રેસ્ક્યૂ કરી નીચે ઉતારી હતી અને તેમને ઈમરજન્સી સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. શાળાની ફાયર ફાઈટિંગ સિસ્ટમ સાથે મોરબી મહાનગરપાલિકાના ફાયર બાઉઝરની મદદથી આગને સંપૂર્ણ રીતે કાબૂમાં લેવામાં આવી હતી. આ આખી ઘટનાને મોકડ્રિલ તરીકે જાહેર કરતા હાજર સ્ટાફ, વિદ્યાર્થીઓ અને વાલીગણે રાહતનો શ્વાસ લીધો હતો. મોકડ્રિલ કાર્યક્રમ દરમિયાન સૌએ ફાયર વિભાગને પૂરતો સહકાર આપ્યો હતો. મોરબી મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનરની હાજરીમાં આ મહત્વપૂર્ણ મોકડ્રિલ યોજાઈ હતી. આનો મુખ્ય ઉદ્દેશ આગ કે અન્ય આપત્તિના સમયે કેવી રીતે ઝડપી બચાવ કામગીરી કરવી અને કેઝ્યુલિટીઓને બચાવવી તે અંગે શાળાના સ્ટાફ તથા વિદ્યાર્થીઓને જાગૃત કરવાનો હતો. અંતમાં ચીફ ફાયર ઓફિસર, મોરબી મહાનગરપાલિકાએ અપીલ કરી હતી કે, ''આવી કોઈ અગમચેતી અથવા દુર્ઘટના સર્જાય તો તરત જ ૧૦૧, ૧૧૨ અથવા મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ-૦૨૮૨૨૨૩૦૦૫૦ ઉપર સંપર્ક કરવા અપીલ કરી છે.

# ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા સેન્ટ્રલ ઝોન કચેરી હેઠળના વોર્ડ નં.૩માં ગેરકાયદેસર દબાણ દૂર કરાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

મ્યુનિસિપલ કમિશ્નર તુષાર સુમેરાના આદેશ અનુસાર તથા ટાઉન પ્લાનર, એચ.એમ.સોરઠીયાના માર્ગદર્શન હેઠળ તા.૧૩/૧૧/૨૦૨૫નાં રોજ રાજકોટ મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં આવેલ વોર્ડ નં.૦૩ માં અનામત પ્લોટ નં.૭/એ માં થયેલ ગેરકાયદેસર પતરા વાળી ઓરડીનું દબાણ દુર કરવા માટે ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા ડિમોલીશન કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ.

આ ડિમોલીશનમાં ટાઉન પ્લાનીંગ શાખા (સેન્ટ્રલ ઝોન)ના તમામ સ્ટાફ તથા રોશની શાખા, દબાણ હટાવ શાખા, બાંધકામ શાખા, ફાયર ઓફીસ સ્ટાફ તથા કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે વિજિલન્સ શાખાનો સ્ટાફ સ્થળ પર હાજર રહેલ.

# મોરબી મકનસર ગામ નજીક બલેનો કારમાં ૫૦૦ લીટર દેશી દારૂ પકડાયો, આરોપી ફરાર

## પોલીસને જોઈ ભાગેલ કારને અકસ્માત થતા અંધારાનો લાભ લઈ કાર ચાલક નાસી ગયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મોરબી તાલુકા પોલીસને મળેલ બાતમીને આધારે મકનસર નજીક વોચમાં હોય તે દરમિયાન વાંકાનેર સાઈડથી આવતી બલેનો કારને ઉભી રાખવા ઈશારો કરતા, કાર ચાલકે પોતાની કાર ફૂલ સ્પીડમાં ત્યાંથી ભગાવી મુકતા આગળ જઈ કારને અકસ્માત નડ્યો હતો, જેથી કાર ચાલક કાર રેઢી મિકીને નાસી ગયો હતો, જ્યારે કારનો પીછો કરી રહેલ પોલીસ ટીમે અકસ્માત થયેલ કારની તલાસી લેતા તેનાથી ૫૦૦ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. હાલ પોલીસે દેશી દારૂ, કાર સહિત ૫ લાખનો મુદ્દામાલ કબ્જે લઈ આરોપીઓને પકડી લેવા તપાસની તજવીજ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર, મોરબી તાલુકા પોલીસ ટીમને બાતમી મળી કે વાંકાનેર સાઈડથી બલેનો કાર રજી.નં. જીજે-૦૩-એનબી-૫૫૯૨માં દેશી દારૂ ભરીને મોરબી લાવવામાં આવવાનો હોય, જેથી તાલુકા પોલીસ ટીમ મકનસર ઑક્સેલ સીરામીક નજીક વોચમાં હોય તે દરમિયાન ઉપરોક્ત બલેનો કાર ત્યાંથી પસાર થતા તેને દૂરથી રોકવાનો ઈશારો કરતા, બલેનો કારણ ચાલકે પોતાની કાર ફૂલ સ્પીડમાં ત્યાંથી નીકળી જતા, તુરંત પોલીસ ટીમ તેનો પીછો કર્યો હતો, જે કાર મકનસર ક્વાર્ટર નજીક અકસ્માત થયેલ હાલતમાં મળી આવી હતી, જ્યારે કાર ચાલક અંધારાનો લાભ લઈને કાર રેઢી મૂકીને ભાગી ગયો હતો. ત્યારે કારની તલાસી લેતા તેમાંથી અલગ અલગ પ્લાસ્ટિકના બાચકામાં ૫૦૦ લીટર દેશી દારૂ કિ.રૂ.૧ લાખ મળી આવ્યો હતો. હાલ પોલીસે દેશી દારૂ તથા બલેનો કાર સહિત રૂ.૫૦૦,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી નાસી ગયેલ કાર ચાલક તથા તપાસમાં ખુલ્લે તેની વિરુદ્ધ ગુનો નોંધી તપાસની તજવીજ શરૂ કરી છે.

# વાંકાનેર સ્પા ભાડે રાખવા મુદ્દે બોલાચાલી બાદ પિતા-પુત્રનો આતંક, કાકા-ભત્રીજાઓને પાઈપથી ફટકાર્યા

## પોલીસે આરોપી પિતા-પુત્ર સામે એટ્રોસિટી સહિતની કલમો હેઠળ ગુનો દાખલ કર્યો

**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના ઢુવા-માટેલ રોડ પર આવેલી માસ સ્પા પાસે સ્પા ભાડે રાખવા બાબતે વાતચીત દરમિયાન થયેલ બોલાચાલી બાદ હિંસક ઝઘડો શરૂ થયો હતો. જેમાં પિતા-પુત્ર દ્વારા યુવક અને તેના કાકા તથા કુટુંબી ભાઈ સહિતનાઓને જાતિ પ્રત્યે અપમાનિત કરી પાઈપ વડે બેફામ માર મારવામાં આવ્યો હતો. હાલ ભોગ બનનાર યુવકની ફરિયાદને આધારે વાંકાનેર તાલુકા પોલીસે આરોપી પિતા-પુત્ર વિરુદ્ધ એટ્રોસિટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી બન્ને આરોપીઓની અટકાયત કરવા શોધખોળ શરૂ કરી છે.

વાંકાનેર તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરીયાદી નિલેશભાઈ જયંતિભાઈ શેખવા ઉવ.૨૩ રહે. હાલ પ્રેમજીનગર મૂળ દેવચરાડી વાળાએ આરોપી કાનાભાઈ કોળી અને કાનાભાઈનો દીકરા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગત તા.૧૩/૧૧ ના રોજ ફરિયાદી પોતાના કૌટુંબિક કાકા ભુપતભાઈ સાથે માસ સ્પા નજીક હતા. તે સમયે કાકા ભુપતભાઈને સ્પા ભાડે રાખવા બાબતે આરોપી કાનાભાઈ કોળી સાથે બોલાચાલી ચાલતી હતી. ત્યારે ફરીયાદી નિલેશભાઈ વચ્ચે પડતા આરોપી કાનાભાઈએ ફરીયાદીને પાઈપ વડે માથાના ભાગે માર મારી ઈજા પહોંચાડી હતી. જે બાદ નિલેશભાઈ અને તેમના કાકા પોતાના બચાવ માટે ત્યાંથી ભાગી પાડોશના પેટ્રોલપંપ પાસેની પાનની દુકાન તરફ ગયા. પરંતુ બંને આરોપી પિતા-પુત્ર તેમની પાછળ જઈ ફરીવાર હુમલો કર્યો હતો. આ દરમિયાન આરોપી કાનાભાઈએ ફરિયાદીને ફરી માથામાં અને વાસામાં પાઈપનો ઘા મારેલ આ દરમિયાન નિલેશભાઈના કૌટુંબિક ભાઈ સાહેદ હિતેષભાઈને પણ માર માર્યો હતો. હાલ નિલેશભાઈની ફરિયાદને આધારે પોલીસે આરોપી પિતા-પુત્ર સામે એટ્રોસિટી સહિતની કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મોરબી મોટી માધાણી શેરીમાંથી વર્લીભક્ત પકડાયો

મોરબી સીટી એ ડિવિઝન પોલીસે મોટી માધાણી શેરીમાંથી જાહેરમાં વર્લીના આંકડાનો નસીબ આધારિત રૂપિયાની હારજીતનો જુગાર રમતા દિનેશભાઈ ચત્રભુજ જમનાદાસ કારીયા ઉવ.૬૩ રહે.રુદ્ર ફ્લેટ માધાણી શેરી મોરબી વાળાને રંગેહાથ પકડી લેવામાં આવ્યો છે, આ સાથે પોલીસે આરોપી પાસેથી વર્લી ફિચર્સના આંકડાનો જુગાર રમવાનું સાહિત્ય તથા રોકડા રૂ.૫૨૦/-કબ્જે કરી જુગારધારા હેઠળ કેસ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# સમાચાર સંક્ષીપ્તમાં

## ''બાળ અધિકાર સંબંધિત સમસ્યા'' અંગે સેમિનાર યોજાશે

નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ (National Commission for Protection of Child Rights)(NCPCR) દ્વારા તા.૧૫-૧૧-૨૦૨૫ના શનિવારના રોજ જ્યુબિલીની ગાર્ડનની સામે, સિવિલ હોસ્પિટલ ચોક પાસે, જવાહર રોડ સ્થિત હોટલ પ્લેટીનમ ખાતે સવારે ૯:૩૦થી ૫:૩૦ સુધી ''બાળ અધિકાર સંબંધિત સમસ્યા'' અંગે સેમિનારનું આયોજન કરવામાં આવશે. તેમ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની યાદીમાં જણાવાયું છે.

## સશસ્ત્ર સેનાધ્વજ દિન ૨૦૨૫-૨૬ની ઉજવણીની બેઠક

સમગ્ર દેશમાં તા. ૭ ડિસેમ્બરના રોજ ''સશસ્ત્ર સેના ધ્વજ દિન''ની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે સશસ્ત્ર સેના ધ્વજ દિનની ઉજવણી માટે તા. ૧૫ નવેમ્બર ૨૦૨૪ના રોજ કલેક્ટરની અધ્યક્ષતામાં બપોરે ૧ વાગ્યે કલેકટર કચેરીના કોન્ફરન્સ હોલના ત્રીજા માળે બેઠકનુ આયોજન કરવામાં આવ્યું છે.

સશસ્ત્ર સેના ધ્વજ દિન વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન સરકારએ રાજકોટ જિલ્લાને રૂ. ૨૫ લાખનું લક્ષ્યાંક ફાળવવામાં આવ્યું છે. મહત્તમ ફાળો આપનાર દાતાઓને કલેકટરહસ્તે સ્મૃતિ ચિહ્ન એનાયત કરવામાં આવશે. આ તકે સબંધિત અધિકારીઓને બેઠકમાં ઉપસ્થિત રહેવા માટે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી રાજકોટની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## મોરબીના શોભેશ્વર રોડ ઉપર વિદેશી દારૂની ૧૬ બોટલ સાથે એકની અટક

મોરબી શહેરના સામાકાંઠા વિસ્તારમાં શોભેશ્વર રોડ મફતીયાપરા પાસે શંકસોળ હાલતમાં પ્લાસ્ટિકની થેલીમાં કઈક છુપાવતા એક ઇસમને બી ડિવિઝન પોલીસ ટીમ દ્વારા રોકી તે ઈસમ પાસે રહેલ થેલીની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડ અને ક્ષમતાની ૧૬ બોટલ કિ.રૂ.૬,૭૫૦/- મળી આવતા તુરંત આરોપી ઈમરાન ઉર્ફે ઈમલો શબીરભાઇ મોવર ઉવ.૨૫ રહે. શોભેશ્વર રોડ મફતીયાપરા પાણીની ટાંકી પાછળ મોરબી-૨ વાળાની અટક કરવામાં આવી હતી. આ સાથે પોલીસે આરોપી સામે પ્રોહી.એક્ટ હેઠળ કેસ નોંધી આગળની તપાસ ચલાવી છે.

## જીપીએસસી વર્ગ ૧-૨ની પરીક્ષાના પરિણામો એક વર્ષથી પેન્ડીંગ

ગુજરાત જાહેર સેવા આયોગ(ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન) દ્વારા કલાસ ૧-૨ની ૨૦૨૩-૨૪ ભરતી જાહેરાત અંતર્ગત જાન્યુઆરી ૨૦૨૪માં પ્રિલિમ પરીક્ષા લેવાયા બાદ ઓક્ટોબર ૨૦૨૪માં મેઈન લેવાઈ હતી. પરંતુ એક વર્ષ થવા છતાં હજુ સુધી મેઈનનું પરિણામ જાહેર ન થતા પરીક્ષા આપનારા ઉમેદવારો ફસાયા છે અને મોટી મુંઝવણમાં મુકાયા છે. બીજી બાજુ જીપીએસસી દ્વારા પરિણામ ક્યારે જાહેર થશે અને ક્યારે ઈન્ટરવ્યુ લેવાશે તેની કોઈ જ સ્પષ્ટતા કરાતી નથી.જેને પગલે ઉમેદવારોના નાણા અને સમયનો વ્યય થાય છે. જીપીએસસીની કલાસ ૧ અને ૨ની ભરતીની ગત ઓક્ટોબર-૨૦૨૪ની મેઈન પરીક્ષા આપનારા ઉમેદવારોએ આયોગમાં પરિણામને લઈને રજૂઆત કરી છે. જે મુજબ ૨૦૨૩-૨૪ની ભરતી જાહેરાત અંતર્ગત જાન્યુઆરી ૨૦૨૪માં પ્રિલિમ પરીક્ષા લેવાઈ હતી.

# બિહાર વિધાનસભાની ચૂંટણીમાં ભગવો લહેરાતા હળવદ ભાજપ દ્વારા વિજયોત્સવ મનાવાયો



**મુખ્ય સમાચાર, હળવદ**
**અહેવાલ - રમેશ ઠાકોર**

બિહારની વિધાનસભાની ચૂંટણીના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીનો કેસરિયો લહેરાયો છે અને ને જંગી બહુમતી મળી છે ત્યારે આ જીતની ખુશીને લઈને સરા નાકા ખાતે ઢોલ નગારાના તાલે , ફટાકડા ફોડી, મોહ મીઠા કરાવી અને ભારતીય જનતા પાર્ટી હળવદ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી આ તકે વિકાસની અને રાષ્ટ્રવાદની રાજનીતિની જીત થઈ છે આ તકે ભારતીય જનતા પાર્ટીના સર્વે આગેવાનો પદાધિકારી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# ધોરાજીના સેવાભાવી મયુરભાઈ પટેલની પુત્રી દ્વિજાનો આજે જન્મદિવસ



**મુખ્ય સમાચાર, ધોરાજી**
**અહેવાલ - કૌશલ સોલંકી**

મયુરભાઈ પટેલ વિવિધસંસ્થાઓમાં સેવા આપેલી હોય અને ઈલેક્ટ્રીક નો વ્યવસાય ધરાવતા હોવાને ધોરાજી પાટીદાર સમાજનું ગૌરવ પણ હોય જે નિમિત્તે આજે દ્વિજાનોના જન્મ નિમિત્તે મમી સ્વરા બેન પાપામયુરભાઈ સરવાણી દાદા રામજીભાઈ તથા દાદી નમતાબેન વ્રજભાઈ નાના-નાની રીટાબેન ચંદ્રેશભાઇ મામા આકાશ દિશા મામી જસ્મીન મન શીલા બાપુજી દ્વારા જન્મદિવસની ખુબ ખુબ શુભકામનાઓ આજે દ્વિજાનો જન્મદિવસએમના મિત્ર સાથે કેક કાપી જન્મદિવસની ઉજવણી કરશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કાકી સાથે ભત્રીજાના આડા સંબંધનો કરૂણ અંજામઃ પત્નીને ગોળી મારી પતિએ કર્યો આપઘાત

જામનગર રોડ પર નાગેશ્વર પાસે સમેત શીખર એપાર્ટમેન્ટના પાર્કિંગમાં બનેલો બનાવઃ ગંભીર રીતે ઘવાયેલી મહિલાને સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડાઇઃ ગાંધીગ્રામ પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો







**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગૃહ કલેશના કારણે થતા પતિ-પત્નીના ઝઘડામાં અનેક પરિવારના માળા ભૂતકાળમાં વિખાય ગયા છે અને સંતાનો માતા-પિતા વિહોણા બની જતા હોય આવી જ એક વધુ ઘટના જામનગર રોડ પર આવેલ નાગેશ્વર વિસ્તારમાં બનવા પામી છે. જેમાં ભત્રીજા સાથે આડા સંબંધના કારણે પત્નીને પતિએ બે રાઉન્ડ ફાયરીંગ કરી માથામાં ગંભીર ઇજા કરી પોતે લમણે પીસ્તોલ રાખી ફાયરીંગ કરી આપઘાત કરી કરી લીધાની ઘટના પ્રકાશમાં આવતા ભારે ચકચાર મચી જવા પામી છે.

આ સનસની ખેજ ઘટનાની પોલીસમાંથી મળતી વિગતો મુજબ જામનગર રોડ પર આવેલ નાગેશ્વરમાં ભવાની ચોક પાસે જૈન મંદિર સામે તીરથ એપાર્ટમેન્ટમાં રહેત તૃષાબેન લાલજીભાઇ પઢીયાર (ઉ.વ.૩૯) નામની રજપૂત મહિલા આજે સવારે પોતાની સામેના એપાર્ટમેન્ટ સમેત સીખરના પાર્કિંગમાં તેની બહેનપણી પૂજા સાથે યોગા કલાસીસમાંથી પરત આવી હતી ત્યારે તૃષાબેનના પતિ લાલજીભાઇ રમેશભાઇ પઢીયાર (ઉ.વ.૪૨) ત્યાં આવી ઝઘડો કરી તૃષાબેન ઉપર બે રાઉન્ડ ફાયરીંગ કરી દીધા હતા. જેમાં તૃષાબેનને ગળામાં ગોળી ખુપી જતા લોહીલુહાણ હાલતમાં ઢળી પડયા હતા. ત્યારબાદ લાલજીભાઇ પઢીયારે પોતાની જાતે પોતાના પર ફાયરીંગ કરી આત્મહત્યા કરી લીધી હતી.

આ સમગ્ર ઘટના તૃષાબેનની સહેલી પૂજાબેન સોનીની નજર સામે બની હતી. તેણે તુરત જ લાલજીભાઇના દિકરા ઓમ પઢીયાર સહિતના પરીવારોને જાણ કરી હતી અને પોલીસને જાણ કરી ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. ઘટના સ્થળે પહોંચેલ ૧૦૮ના ઇએમટી તબીબોએ લાલજીભાઇને ઘટના સ્થળે જોઇ તપાસી મૃતક જાહેર કર્યા હતા અને ગંભીર રીતે ઘવાયેલ તૃષાબેનને સારવારમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે ગાંધીગ્રામ પોલીસમાં કરવામાં આવતા એસીપી રાધીકા ભારાઇ, પીઆઇ એસ.આર.મેધાણી, રાઇટર હંસરાજભાઇ સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો.

ગંભીર ઘટનાને પગલે ડીસીપી રાકેશ દેસાઇ, એસીપી રાધીકા ભારાઇ સહિતના અધિકારીઓ પણ પહોંચી ગયા હતાં. પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ હત્યાનો ભોગ બનેલા તૃષાબેનના લગ્ન અઢાર વર્ષ પહેલા થયા હતાં. તેને સંતાનમાં એક દિકરો છે તેનું નામ ઓમ છે. તૃષાબેનના બહેનપણી પૂજાબેન સોનીએ કહ્યું હતું કે તૃષાબેનને તેમના પતિ લાલજીભાઇ પઢીયાર સાથે છુટાછેડા બાબતે માથાકુટ ચાલતી હતી. તૃષાબેનને છુટાછેડા લેવા હતાં પણ તેના પતિ લાલજીભાઇ આ માટે તૈયાર નહોતાં. બંને વચ્ચે કલેશ હોઇ આ કારણે તૃષાબેન દોઢેક મહિના પહેલા પતિનું ઘર છોડી સમેત શીખર એપાર્ટમેન્ટમાં હું રહું છું ત્યાં મારી સાથે રહેવા આવી ગયા હતાં.

આજે સવારે હું અને તૃષાબેન જીમમાંથી પરત આવ્યા હતાં અને મારા સમેત શીખર એપાર્ટમેન્ટના પાર્કિંગમાં હતાં ત્યારે સામેના તિર્થ એપાર્ટમેન્ટમાંથી તૃષાબેનના પતિ લાલજીભાઇ પઢીયાર આવ્યા હતાં અને તૃષાબેન સાથે ઝઘડો ચાલુ કર્યો હતો. એ પછી અચાનક તેણે પિસ્તોલ કાઢી તૃષાબેન ઉપર બે રાઉન્ડ ફાયરીંગ કરી દીધા હતા. જેના કારણે તૃષાબેનને ગળા પર ઇજા થતાં તે ઢળી પડયા હતાં. બીજી જ ક્ષણે લાલજીભાઇ પઢીયારે આ પિસ્તોલથી પોતાના ઉપર પણ ફાયરીંગ કરી લીધુ હતું અને તે પણ ઢળી પડયા હતાં. ૧૦૮ને જાણ કરાતાં તેના ડોક્ટરે લાલજીભાઇને ઘટના સ્થળે મૃત જાહેર કર્યા હતાં. તૃષાબેનની હાલત ગંભીર હોઇ અમે તેને ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલે લાવ્યા હતાં. અહિં તૃષાબેનને દાખલ કરાયા છે.

દરમિયાન આ ઘટના બારામાં ફાયરીંગ કરનારા લાલજીભાઇ પઢીયારના કુટુંબીજનોએ કહ્યું હતું કે તૃષાબેનને કોઇ અન્ય પુરૂષ સાથે આડાસંબંધ હતાં. આ કારણે આ બનાવ બન્યો છે. પીઆઇ એસ. આર. મેઘાણીએ પણ પ્રાથમિક વિગતો આપતાં કહ્યું હતું કે તૃષાબેનને કોઇ સાથે અફેર હોવાને કારણે આ ઘટના બની છે. હાલ વધુ તપાસ ચાલુ છે.

૧૮ વર્ષનો દિકરો ઓમ કોલેજમાં ભણે છેઃ ઘટના સ્થળેથી ફૂટેલા કાર્ટીસ મળી આવ્યા , પત્નિ તૃષાબેન પર ફાયરીંગ કરી પોતાના ઉપર પણ ભડાકો કરી લઇ આપઘાત કરનારા લાલજીભાઇ રમેશભાઇ પઢીયાર બે ભાઇ અને એક બહેનમા નાના હતાં અને છુટક કામ કરતાં હતાં. ઘટના સ્થળેથી ફુટેલા ચાર જેટલા કાર્ટીસ મળ્યા છે. લાલજીભાઇ પાસે જે હથીયાર છે તે પરવાનાવાળુ છે. લાલજીભાઇને સંતાનમાં એક દિકરો ઓમ છે જે ૧૮ વર્ષનો છે અને કોલેજમાં ભણે છે.

# મેટોડા પાસે વાડીની ઓરડીમાંથી રૂ.૬૮.૩૨ લાખનો દારૂ પકડાયો

ગ્રામ્ય એલસીબીની ટીમે સ્થાનિક પોલીસે ઉંઘતી રાખી દરોડો પાડી જામનગરના બે શખ્સોને દબોચી લઇ ૨૦૬૬૪ બોટલ કબ્જે કરી





**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે કાલાવડ રોડ પર આવેલ મેટોડા વિસ્તારમાં વિદેશી દારૂના હાટડા પુરજોશમાં ચાલતા હોવાની ફરીયાદોના પગલે ગ્રામ્ય એલસીબીની ટીમે બાતમીદારોનું નેટવર્ક કામે લગાડી ગઇકાલે મેટોડા ગામની સીમમાં આવેલી વાડીની ઓરડીમાંથી રૂ.૬૮.૩૨ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી લઇ બે શખ્સોની ધરપકડ કરી ૨૦૬૬૪ બોટલ દારૂ કબ્જે કર્યો છે.

આ અંગેની માહિતી મુજબ ગ્રામ્ય એલસીબી ટીમના પીઆઇ વી.વી.ઓડેદરાની સુચનાથી પીએસઆઇ એચ.સી.ગોહિલ, એએસઆઇ રવિદેવભાઇ બારડ, બ્રિજરાજસિંહ જાડેજા, રોહિતભાઇ બકોતરા, કોન્સ. પ્રકાશભાઇ પરમાર સહિતનો સ્ટાફ કોમ્બીંગ નાઇટ રાઉન્ડમાં હતા ત્યારે સ્ટાફને મળેલ ચોક્કસ મળેલ બાતમીના આધારે સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી ગ્રામ્ય એલસીબીની ટીમે મેટોડા ગામની સીમમાં આવેલ વાડીની ઓરડીમાં દરોડો પાડતા જામનગરના ચકલીકાટા પાસે રહેતો હનીફ ઈલીયાઝ જેડા અને જામનગરના રામેશ્વર માટેલ ચોક પાસે રહેતો ઝાકીર કાસમ સંઘાર નામના બે શખ્સોને દબોચી લઇ ઓરડીમાં તપાસ કરતા ૨૦૬૬૪ બોટલ અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂ કિંમત રૂપિયા ૬૮.૩૨ લાખનો દારૂનો જથ્થો કબ્જે કરી એક બાઇક અને બે મોબાઇલ કબ્જે કર્યા હતા. ઝડપાયેલા બન્ને શખ્સોની આકરી પુછપરછ કરતા રાજકોટનો બુટલેગર જયપાલસિંહ ઉર્ફે યુવરાજસિંહ લાલુભા વાઘેલાએ દારૂનો જથ્થો મંગાવ્યાની કબુલાત આપતા પોલીસે રાજકોટના બુટલેગર જયપાલસિંહ ઉર્ફે યુવરાજસિંહની શોધખોળ આદરી છે.

# અજાણ્યા વાહનની ઠોકરે ઘવાયેલા શાકભાજીના ધંધાર્થીનું મોત

કરિયાણુ લેવા જતાં યુવાનને અકસ્માત નડ્યો'તો; પરિવારમાં શોક



**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોપટપરા વિસ્તારમાં રહેતો અને શાકભાજીનો ધંધો કરતો યુવાન ૧૫ દિવસ પૂર્વે પોતાનું બાઈક લઈ કરિયાણુ લેવા જતો હતો. ત્યારે અજાણ્યા વાહન ચાલકે બાઈકને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. હિટ એન્ડ રનની ઘટનામાં ઘવાયેલા યુવાને સારવારમાં દમ તોડતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે.

આ અંગે ની જાણવા મળતી વિગત મુજબ પોપટપરા વિસ્તારમાં સેન્ટ્રલ જેલ સામે આવેલ સંતોષીનગર મફતીયાપરામાં રહેતા રાજાભાઈ રતિલાલ દુદકીયા નામનો ૨૮ વર્ષનો યુવાન ગત તા.૨૮ ના - રોજ રાત્રિના સાડા આઠેક વાગ્યાના અરસામાં પોતાનું બાઈક લઈ પોપટપરા સ્મશાન પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે અજાણ્યા વાહન ચાલકે બાઈકને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો અકસ્માતમાં

ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલ બાદ ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો જ્યાં તેની સારવાર કારગત નિવડે તે પૂર્વ જ મોત નીપજતા પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. પ્રાથમિક પૂછપરછમાં મૃતક યુવાન ચાર ભાઈ બે બહેનમાં નાનો હતો અને શાકભાજી વેચી પરિવારનું ગુજરાન ચલાવતો હતો ઘટનાના દિવસે રાજા દાદુકીયા પોતાનું બાઈક લઈને કરિયાણું લેવા જતો હતો ત્યારે અજાણ્યા બાઈક ચાલકે ઠોકરે ચડાવતા સર્જાયેલા અકસ્માતમાં મોત નીપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે પ્રનગર પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પોલીસમાં નોકરી અપાવી દેવાની લાલચે યુવક પાસેથી શખ્સે ૭.૯૭ લાખ ખંખેર્યા

માલવીયાનગર પોલીસે ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વધુ એક યુવકને સરકારી નોકરી આપવાની લાલચ આપી ગઠીયાએ શિકાર બનાવ્યો હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે.જેમાં ગઠીયાએ પોતાને ખુબ મોટી ઓળખાણ છે તે યુવકને પોલીસમાં નોકરી અપાવશે તેવું કહી કટકે-કટકે રૂ.૭.૯૭ લાખ રૂપિયા મેળવી લઈ નોકરી ન અપાવી છેતરપીંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી શખસની શોધખોળ હાથ ધરી છે.



આ અંગેની માહિતી મુજબ વિનાયકનગર શેરી નં એ-૧૭ દોશી હોસ્પિટલની સામે રહેતા અને ડ્રાઈવીંગ કરતા સાજીદભાઈ મંગાભાઈ પઠાણ ઉ.૨૫એ માલવીયાનગર પોલીસમાં જામનગર રોડ પરની નાગેશ્વર સોસાયટી શેરી નં ૩માં રહેતા મનહર રવજી ત્રાડા ઉર્ફે મયુર પટેલ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે હું માત્ર ધો.૯ સુધી ભણેલ હોય અને સરકારી નોકરીની ખૂબ જ ઈરછા હોવાથી પિતાના મિત્ર બાબુ લઢેરે વાત કરેલ હતી કે મારા એક મિત્ર છે.જેને ઘણા છોકરાઓને સરકારી નોકરી અપાવી છે હમણા ખાનગી રીતે ભરતી છે તારે આ સીટમાં ભરતી થવુ હોય તો તારો સંપર્ક કરાવું જેથી યુવકે હા પાડેલ બાદ મોરબી રોડ પર તેના ઘરે લઈ ગયા ત્યાં મયુર પટેલ સાથે સંપર્ક કરાવેલ તેણે એક આઈકાર્ડ બતાવેલ જેમાં ત્રણ સિંહના મોરા વાળું કાર્ડ બતાવી કહ્યું કે હમણા પોલીસની ભરતી થવાની છે તારી ઈરછા હોય તો હાલ તું મને રૂ.૬૦ હજાર આપ હું તારી સીટ બુક કરાવી દવ જેથી તે અને બાબુ ઘરે આવી રૂ.૬૦ હજાર લઈ ગયેલ હતા.બાદ શખસે ફોન કરી કહ્યું કે ગાંધીનગર તારી નોકરીની સીટ પાકી કરવા વધુ રૂ.૩ લાખ ભરવાના છે તું પૈસા તૈયાર રાખજે કહી બે દિવસ પછી ઘરે આવી પૈસા લઈ ગયેલ હતા.ફરિ શખસે ફોન કરી કહ્યું કે હથિયારધારી પોલીસમાં નોકરી કરવી હોય તો રૂ.૧.૩૨.૭૦૦ ભરવા પડશે.જેથી બાબુના ઘરે જ આપેલ હતા.બાદ શખસે કહ્યું કે બે દરબાર આ નોકરીમાં વચ્ચે પડયા છે. જેથી વધુ બે લાખ ચુકવ્યા હતા.છેલ્લે જૂનાગઢ ટ્રેનિંગમાં જવાનું કહ્યું હતું.પરંતુ તેની તારીખ જતી રહેતા જેથી નોકરી બાબતે પુછતા શખસે કહ્યું કે વારંવાર ફોન નહીં કરવો અને મળવા પણ ન આવું જેથી તપાસ કરતા શખસનું સાચુ નામ મનહર રવજી ત્રાડા રહે.નાગેશ્વર સોસાયટી જાણવા મળ્યું હતું.આમ પોલીસમાં નોકરી ન અપાવી કે પૈસા પરત કરી છેતરપીંડી આચરી હોવાનું જણાવતા પીએસઆઈ ડી.એસ.ગજેરાએ ગુનો નોંધી ગઠીયાની શોધખોળ હાથ ધરી છે.

# કુખ્યાત બુટલેગરનાં પુત્રએ પાસામાંથી છૂટી ફરી લખણ ઝળકાવ્યાઃ વેપારીને આપી ધમકી

દુકાન પાસે ઝઘડો કરવાની ના પાડતા હું જેનીશ મહાજન છુ, મારા પર ઘણા ગુના છે' કહી ટાંટીયા ભાંગી નાખવાની ધમકી આપી તોડફોડ કરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના કુખ્યાત બુટલેગર હર્ષદ મહાજનના પુત્રએ પાસામાંથી છુટી ફરી લખણ ઝળકાવ્યા હતા. શહેરના નવા રીંગરોડ પર પાનની દુકાન પાસે ગોળો બોલવાની ના પાડતા પાનના ધંધાર્થી પિતા-પુત્રોને હું જેનીશ મહાજન છુ, મારા પર ઘણા ગુના છે' કહી ટોટીયા ભાગી નાખવાની ધમકી આપી દુકાનમાં તોડફોડ કરી આ અંગે યુનિ.પોલીસે જેનીશ મહાજન સહિત બે શખ્સો સામે ગુનો નોંધી બંનેને ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ મુંજકાનાં શ્રી સીટી એપાર્ટમેન્ટ ફ્લેટ નં.-૧૦૦૧માં રહેતા ૨૮ વર્ષીય પાનનાં ધંધાર્થી પ્રતિક રમેશચન્દ્ર રુઘાણીએ યુનિવર્સીટી પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કરણ અને જેનીશના નામ આપ્યા છે. કરિયાદમાં જણાવ્યા મુજબ તેને નવા ૧૫૦ ફૂટ રીંગ રોડ નંદનવન રેસ્ટોરન્ટની બાજુમાં એન.ડી.વી. પાન એન્ડ કોલ્ડ્રીંક્સ નામની પાનની દુકાન આવેલી છે. રાત્રીના તે યુનિવર્સિટી રોડ પર દ્વારકાધીશ હોટલ પાસે હતો. ત્યારે તેના પપ્પાનો ફોન આવેલ કે, બે વ્યક્તિઓ આપણા પાન પાર્લર પાસે આવી ઝઘડો કરતાં હોય તો તું જલ્દી અહીં આવ. જેથી તેણે તેના ભાઈ દર્શનને ફોન કરી બનાવની વાત કરેલ હતી. ત્યાર-બાદ હું તુરંત જ ત્યાં પાનની દુકાને પહોંચેલ અને મારી પાછળ પાછળ મારો ભાઈ દર્શન પણ પહોંચી ગયેલ હતો.

પિતાએ વાત કરેલ કે, બે વ્યક્તિઓ પાનની દુકાને આવેલ હતા. તેમણે અહીંથી સિગરેટ અને પાણીની બોટલ લીધેલ અને બાદ આ બંને વ્યક્તિઓ અંદરો અંદર ગાળો બોલતાં હોય જેથી મેં તેને કહેલ કે, તમે બંને અહીં ગાળો ના બોલો અહીં બીજા ગ્રાહકને ખરાબ લાગે, તમે અહીંથી જતાં રહો. જેથી બંને શખ્સો ઉશ્કેરાઈ જઈ મારી પાસે આવી કહેલ કે, મને ઓળખો છો હું જેનીશ મહાજન છું મારા પપ્પા કોણ છે તમને ખબર છે. મારા પર ઘણા બધા ગુના દાખલ થયેલ છે તેમ કહી પાણીની બોટલનો ઘા કરેલો હતો.

વધુમાં બંનેએ ગાળો આપી કહેવા લાગેલ કે, તારે મને કાંઈ કહેવુ નહીં, નહીંતર તારા ટાંટીયા ભાંગી જાનથી મારી નાખીશ અને દુકાનમાં તોડફોડ કરવાં લાગેલ હતો. ત્યારે જેનીસ સાથે આવેલ એક વ્યક્તિ જે પોતે કરણ હોવાનું જણાવી મને ગાળો આપવા લાગેલ હતો. બાદ અન્ય કોઈ ગ્રાહક આવતા તેણે બંનેને સમજાવ્યા હતા. જે બાદ બંને શખ્સો ત્યાંથી ચાલ્યા હતા.

બાદ બંને શખ્સો ત્યાં સામે રોડ પર રાધાજી રેસ્ટેરન્ટની બહાર ઉભા હોય જેથી ફરિયાદી તથા તેનો ભાઈ ત્યાં ગયેલ અને આ બંનેને પૂછેલ કે, અમારા પાનની દુકાને માથાકુટ કરેલ હતી ? તો એક વ્યક્તિ અમને કહેવા લાગેલ કે તારા બાપે અમારી ઓળખાણ આપેલ નથી કે હું કોણ છુ અને મારો મિત્ર કરણ કોણ છે? બાદ તેણે અમને બંને ભાઈઓને કહેલ કે,

નક્કી તમારે માર ખાવાનો છે, તમે બંનેના ટાંટીયા ભાંગી જાનથી મારી નાખીશ તેમ કહી ઝપાઝપી કરતાં મારા ભાઈ દર્શને ૧૧૨ જનરક્ષક હેલ્પલાઈન પર ફોન કરતાં પોલીસ વાન આવતાં જેનીસને સાથે લઈ પોલીસ સ્ટેશન આવેલા અને બાદમાં જેનીસની સાથેનો વ્યક્તિ કરણ પણ અહીં પોલીસ સ્ટેશન ખાતે આવેલ હતો. જ્યાં યુવાનની ફરિયાદ પરથી યુનિવર્સીટી પોલીસે કુખ્યાત બુટલેગર હર્ષદ મહાજનનાં પુત્ર જેનીશ હર્ષદ માંડલિયા અને કરણ રાજુભાઈ પરમાર નામના શખ્સ વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરી હતી. ઉલ્લેખનીય છે કે, જેનીશ મહાજનને અગાઉ પાસા કરવામાં આવ્યા હોય પાસામાં છૂટ્યા બાદ ફરી લખણ ઝળકાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# એરપોર્ટમાં નોકરી કરતા યુવકે એસિડ પી જિંદગી ટૂંકાવી

દેણું થઈ જતાં પગલું ભર્યું હોવાનું તારણ, નવ મહિના પૂર્વે જ લગ્ન થયા હતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ એરપોર્ટમાં નોકરી કરતા અને નવ મહિના પૂર્વે જ લગ્નગ્રંથિમાં જોડાયેલા ૩૦ વર્ષીય યુવકે ઘરે એસિડ પી લેતા ખાનગી હોસ્પિટલમાં સારવારમાં ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેણે દમ તોડી દેતા પરિવારમાં ગમગીની છવાઈ જવા પામી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં દેવું થઈ ગયું હોય જેથી આ પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હતું.



આ અંગેની વિગતો મુજબ, મવડી જીવરાજ પાર્કમાં રહેતો અને રાજકોટ એરપોર્ટમાં ઈલેક્ટ્રીક વિભાગમાં સુપરવાઈઝર તરીકે નોકરી કરતો ૩૦ વર્ષીય પ્રીતેશ સુરેશભાઈ ભુવા નામના યુવકે ગુરુવારે બપોરે ઘરે એસિડ્ પી લેતા પરિવાર દ્વારા તુરંત તેને ખાનગી હોસ્પિટલમાં સારવારમાં ખસેડવામાં આવ્યો હતો.જ્યાં તેણે મોડી રાત્રે દમ તોડી દેતા તાલુકા પોલીસ મથકના એ.એસ.આઈ દિનેશ જોષી સહિતનો સ્ટાફ દોડી જઈ જરૂરી કાર્યવાહી બાદ મૃતદેહને પીએમ અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રીતેશ મૂળ જેતપુરનો વતની હતો અને એરપોર્ટમાં કોન્ટ્રાક્ટ બેઈઝમાં નોકરી કરતી હતી. બે ભાઈમાં મોટો હતો અને યુવકના લગ્ન હજુ નવ માસ પૂર્વે જ થયા હતા. પ્રાથમિક તપાસમાં પ્રીતેશ ઉપર લાખો રૂપિયાનું દેણું થઈ ગયું હોય ત્યારે આ રૂપિયા કેવી રીતે ચૂકવશે તે ઉપાધિમાં આ પગલું ભરી લીધું હતું. જો કે આગળ મૃતકના પરિવારનું નિવેદન લઈ તપાસ હાથ ધરી વધુ કાર્યવાહી હાથ ધરવામાં આવશે ત્યારે યુવાન પુત્રના મોતથી ભુવા પરિવ-ારમાં શોકની લાગણી છવાઈ જવા પામી હતી.

# ભાવનગરમાં લગ્નના દિવસે જ વરરાજાએ ભાવી પત્નીની લોખંડના પાઇપ મારી કરી હત્યા





**મુખ્ય સમાચાર, ભાવનગર**

ભાવનગર શહેરમાં લગ્નના દિવસે જ યુવતીની કરપીણ હત્યા થઈ છે. શહેરના પ્રભુદાસ તળાવ વિસ્તારમાં ટેકરી ચોક નજીક આજે સવારે એક યુવતીની લોખંડના પાઇપ મારી હત્યા થતા પોલીસ કાફલો દોડી ગયો હતો. મરનાર યુવતીના આજે લગ્ન થવાના હતા અને તેના ભાવિ પતિએ જ તેની હત્યા કરી દીધી છે. સોનીબેન હિંમતભાઈ રાઠોડની હત્યા કરી આરોપી નાસી છૂટ્યો હતો.

આ બનાવની જાણ થતા જ પોલીસ કાફલો બનાવ સ્થળે દોડી ગયો હતો અને તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત માહિતી મુજબ યુવતી તેના ભાવિ પતિ સાથે લિવ-ઇનમાં રહેતી હતી અને આજે તેના લગ્ન થવાના હતા. લગ્ન થાય તે પૂર્વે તેની હત્યા થતા પોલીસે તપાસ હાથ ધરી છે.

આ બનાવ અંગે સિટી ડીવાયએસપી આર.આર.સિંઘાલે જણાવ્યું હતું કે, ગંગાજળિયા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પ્રભુદાસ તળાવ શેરી નંબર ૧૦ પાસે આજે સવારે એક હત્યાનો બનાવ બન્યો છે. જેમાં મૃતક સોનીબેનના હત્યા કરનાર આરોપી સાજન સાથે આજે લગ્ન થવાના હતા. વહેલી સવારે આરોપી સાજન દુલ્હનના ઘરે આવ્યો હતો જ્યાં તેના સાથે બોલાચાલી થઈ હતી. જેમાં સાજન ઉશ્કેરાઇ ગયો હતો અને બંને વચ્ચે ઝઘડો થયો હતો.

આ ઝઘડામાં આરોપીએ લોખંડના પાઇપથી સોનીબેનને માથાના ભાગે અને શરીરે ઇજા કરી હતી, સાથે જ દીવાલ સાથે માથું ભટકાડી સોનીબેનનું મૃત્યુ નીપજાવ્યું હતું. આ બનાવ અંગે પોલીસે મૃતદેહનો કબજો લઈ પીએમ અર્થે હોસ્પિટલમાં ખસેડ્યો છે.

વધુમાં જણાવ્યું હતું કે સાજન અને મૃતક સોનીબેન છેલ્લા ઘણા સમયથી સાથે રહેતા હતા. આજે ૧૫ તારીખે તેમના લગ્ન થવાના હતા અને ગઈકાલે મૃતકની પીઠીની વિધિ કરવામાં આવી હતી. આજે વહેલી સવારે કોઈપણ કારણોસર પાનેતર બાબતે તથા પૈસાની મામલે બોલાચાલી થઈ હતી અને હત્યાનો બનાવ બન્યો હતો. પોલીસે હાલમાં ફરિયાદ લેવાની કાર્યવાહી ચાલુ કરી છે. આરોપી સાજન બારૈયાએ ઉશ્કેરાઈને ઘરની પાસે બાજુમાં પણ ઝઘડો કર્યો હતો. હાલ આરોપી સાજનને ઝડપી લેવા કાર્યવાહી હાથ ધરાઈ છે.